

# ગુણાતીત જ્યોત






જાણરૂપ દેહ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

વર્ષ ૫૧, અંક : ૫, તા.૨૧મી મે, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ વૈશાખ સુદ - ૯, શુક્રવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજનાં
અનાદિ અક્ષરમુક્તોનાં બધાંને

૩૧-૫-૯૧

છેવટે પ્રકૃતિપુરુષ સંબંધના સંજોગ
દુઃખ કરે તથા પ્રસંગોમાં હળવા રહો.

Take everything
lightly – refs to Pakruti
Purush.

પ્રકૃતિ પુરુષ કી રચના – પ્રસંગો:
સંબંધવાળાના સ્વભાવ બદલાવે તથા.
પ્રત્યક્ષના વહેવારથી મૂંઝવે તથા પ્રસંગો –
અવસર લઈ ધ્યાન રાખો. f EB
પ્રકૃતિના સંબંધના બીજાંમાં ભાવ ભળાઈ
ગયા હશે –
ભગત-જ્ઞાનપણા. દાતાની શિષ્ટ સંબંધવાળાંકી
ગાંઠે ન રાખ હળવા રહેજો
ઓછરવું પડે તેવું સહેવા

એનો બાબતો કરે એનો ત્યાગ મનમાંથી
કાઢી નાખો.

પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? - પપ્પા



### શ્રીજી રસામૃત :-

...જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે.' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને માટે એમાં માન-ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહીં. (વચ.પંચાળા-૭)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :-

આપણા દોષ તો મહારાજે ટાળી નાખ્યા છે ને તે દોષનું દર્શન થાય છે તે તો આપણા રૂડાને અર્થે થાય છે. નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે. અને હવે તો આપણે ભગવાન વશ કરવા છે. તે ભગવાનના જેવું સામર્થ્ય પામવું છે તે સારુ મંડ્યા છીએ.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૫૮મી વાત)



### દિવ્યામૃત :-

પ્રત્યક્ષ વિચરતું ગુણાતીત સ્વરૂપ જ સૌનું નિયંત્રણ કરે છે તેવું માનીએ તો સુખી દુઃખી થવાય નહીં. સિંહને કોઈ મારવા જાય તો તે લાકડીને કાંઈ નહીં કરે, તે મારનાર ઉપર જ તરાપ મારશે. જ્યારે કૂતરું લાકડીને બચકું ભરશે. આપણે સિંહ જેવી દ્રષ્ટિ રાખવી. વપરાનારા કરતાં પ્રભુ તરફ દ્રષ્ટિ કરીશું તો કોઈના વિષે ભાવફેર નહીં થાય.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
| --- | --- |
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| 'શાંતિ સ્તોત્ર'નો બ્રહ્મનાદ શાશ્વત ધામેથી... | ૫ |
| ગુરુહરિ પપ્પાજીના સાક્ષાત્કારદિને... | ૭ |
| પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિને... | ૯ |
| બ્ર.સ્વ.યોગીજીમહારાજના પ્રાગટ્યદિને... | ૧૧ |
| બ્ર.સ્વ.કાકાશ્રીના પ્રાગટ્યદિને... | ૧૨ |
| સત્સંગ સમાચાર... | ૧૩ |
| પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૨૧ થી... |



# પપ્પાજીની પરાવાણી...

Annihilate ego and He'll be there. આ અંગ્રેજીમાં કહેવત છે. અત્યારે આપણે આ દેહ જોડે જોઈન્ટ થઈ ગયા છીએ. એટલે કે 'હું બાબુભાઈ છું, પટેલ છું. હું આવો છું. મારાથી આમ ના થાય, તેમ થાય. આ ના થાય ને આ થાય.' એ બધી માનીનતા એ બાબુભાઈ છે. એ ઈગો છે. તેનો નાશ કરો. એ અહંકાર ઓગળી જાય. જીવમાં અહંકાર છે એ કાઢી નાખો એટલે બ્રહ્મ જ રહેશે. જે કંઈ પંચાત છે તે 'હું'ની છે. ખરેખર જોવા જઈએ તો આપણું છે શું? એટલે ખાસ નોંધીએ તો આપણને સાકાર બ્રહ્મ મળી ગયા. એમની રીતે મન, બુદ્ધિ, દેહને વર્તાવીએ. આપણા 'હું' પર વિચાર કરીએ. હું કોણ છું ? શોધો જોઈએ ! અંદરથી કાંઈ મળશે ? શૂન્યાવકાશ લાગશે ને ! જ્યાં હું છે એ બ્રહ્મને એક્સપ્લેન કઈ રીતે કરે ? દેહમાં આવે એટલે મારું બેટું દેહમાં ઊભું થઈ જાય. એટલે આપણને જે સાકાર બ્રહ્મ મળ્યા છે એના આપણે પ્રકાશરૂપ છીએ. કારણ હું ટકે કાં સત્પુરુષ. આપણે 'હું'નો પ્રલય કરવા સાધના કરીએ છીએ. સત્પુરુષને પોતાનો આત્મા માન્યો એટલે પછી હું નિરાકાર થયો. એ પ્રકાશ. સાકાર બ્રહ્મ મનુષ્યદેહધારી એકાંતિક વીજળી જેવા સંતો આપણને મળી ગયા. એ આપણો આત્મા બની ગયા. એમાં આપણું બધું લય કરી દો. એમના અર્થે જીવન જીવતાં થઈ જઈએ. એટલે બ્રહ્મ પ્રકાશી ઉઠશે. દુનિયા આખી કહે છે કે 'હું' પણાનો નાશ કરો. પણ ખૂબ અઘરું છે.

'હું'પણાનો નાશ કરવા મોટા મોટા રાફડા થઈ ગયા. 'હું' ના સંકલ્પમાં ભળવું નથી એમ વિચારીને જ તપ કરતા હશે ને ! પણ કોઈક કણીને લીધે, વૃત્તિને લીધે હજારો વર્ષના તપ, જ્ઞાન બધું લય થઈ ગયું. પાણી ફરી વળ્યું. જેમાં આપણું જ્ઞાન, ધ્યાન, તપ બધું સરી પડે એ આપણી મૂળ વૃત્તિ. એવી ગુણાતીત સત્પુરુષોમાં વૃત્તિ સરી પડે તો કામ પાકી જાય.

મૂળ વૃત્તિઓ ટાળવાનો સહેલામાં સહેલો રસ્તોઃ ગુણાતીત સ્વરૂપ જે કહે તે વિધિ, બાકીનો નિષેધ કરવો. એ ૧૦૦% દિવ્ય છે ને હું માયિક છું. એટલો રોજ સવારમાં વિચાર કરી લેવો. આવું અખંડ જાણપણું રાખવું. કેટલું સરળ થઈ ગયું છે! અત્યારે કોઈ દ્વિધા ના રહી. અમારે તો દ્વિધાનો સામનો છેક ૫૭ –૫૮ સુધી કરવો પડ્યો. દ્વિધા એટલે ભેદદષ્ટિ. તે ના રહી. અત્યારે તો જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબેન, શોભનાબેનમાં જેને જ્યાં ગોઠ્યું ત્યાં જોડાણ થઈ ગયું. એટલે જેને જ્યાં જોડાણ થયું એને માટે એ સર્વોપરી. પપ્પામાં જોડાયા હોય તેને પપ્પા. બાકી જે જ્યાં જોડાયા હોય તેને જ સેવે ને ! ને આપણને થાય કે પપ્પા એટલે પપ્પા. એ વ્યક્ત ને અવ્યક્ત આપણું 'હું' જ કહેવાય.

જેને જેમાં હેત થયું તે એને માટે સર્વોપરી બરાબર જ છે. એને જ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ માનીને સેવો એ દઢતા આપણા ગુણાતીત સમાજમાં થઈ ગઈ. સોલિડ થઈ ગયું. તો સાધનામાં સરળતા વધતી ગઈ. શું ખોટું થયું ? સારું જ થયું ને ! બહુ જબરજસ્ત જોગીએ કામ કરી દીધું. (તા.૧૩.૩.૧૯૭૪)



## ‘શાંતિ સ્તોત્ર’નો બ્રહ્મનાદ શાશ્વત ધામેથી...

પહેલી જૂન ૨૦૧૨ની ગોધૂલી સમે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય હરિપ્રસાદસ્વામીજીના કરકમળથી જેનું ઉદ્‌ઘાટન થયું હતું તે ગુરુહરિ પપ્પાજીના પુનિત પંચમહાભૂતનું પ્રાસાદિક તીર્થધામ ‘શાશ્વત ધામ’ જે આજે દશમા વર્ષમાં પ્રવેશે છે.

છેલ્લા દોઢ વર્ષથી કોરોના રૂપી એક વૈશ્વિક મહામારી સમગ્ર વિશ્વમાં મહાવિનાશક રૂપે પ્રવર્તી રહી છે. તેણે માનવજીવનને ખૂબ કષ્ટદાયી, ઘાતક અને દર્દભર્યું કરી મૂક્યું છે. ક્યારે, કોણ, કેવા સંજોગોમાં એ કોરોના વાયરસની ઝપટમાં આવી જશે તેની કોઈનેય ખબર નથી. એ સૂક્ષ્માતીત સૂક્ષ્મ વાયરસે માનવજીવનને અનંત રીતે હતાશ, ઉદ્વેગ અને ચિંતાભર્યું કરી દીધું છે. એવા હૃદયદ્રાવક સંજોગોમાં સમગ્ર ગુણાતીત જ્યોત, ગુણાતીત સમાજ પળેપળે સાક્ષાત્ શ્રીજી સ્વરૂપ પપ્પાજીને શ્રી ચરણે કાલાવાલા કરીને વિનવણી કરી રહ્યો છે. તે હૃદયવાણીને ગુણાતીત જ્યોતનાં ભાવુક કવિ હૃદયા પૂ.સ્મૃતિબેન દવેએ આપણા સૌ વતી પ્રાર્થનારૂપે યોગીજી સ્વરૂપ પપ્પાજીના હૃદય, આત્માને સ્પર્શી જાય તેવી રીતે શાંતિસ્રોત રૂપે ગૂંથી છે.

### શાંતિ સ્તોત્ર :

(રાગ : હે નાથ ! જોડી હાથ...)

હે પ્રાણ આધાર પપ્પાજી કોટિ કોટિ હો વંદના
સ્વામિશ્રીજી અખંડ બિરાજી રહ્યા છે આપમાં
પંચભૂતને પંચભૂતમાં સમાવી આપ પધારિયા (૨)
વિશ્વમાંહે વ્યાપી રહ્યા છો, સૂણજો અમ પ્રાર્થના (૨)

શાંતિ ફેલાવો પૃથ્વી-જળ-તેજ-વાયુ આકાશ તત્ત્વોમાં
શાંતિ રેલાવો પશુ-પંખી, વનસ્પતિ માત્રમાં
શાંતિ કરો રાજ્યો-મહારાજ્યો, ધર્મો ને જાતિમાં (૨)
વિશ્વમાંહે...

શાંતિ પ્રગટાવો નીતિ નિયમે સર્વ વ્યવહાર કાર્યોમાં
શાંતિ અર્પો પામર, વિષયી, મુમુક્ષુનાં વૃંદમાં
શાંતિ વહાવો સ્વામિનારાયણના સંબંધીમાં (૨)
વિશ્વમાંહે...

શાંતિ સ્થાપી દ્યો નિજ આશ્રિતજન હરિભક્તોમાં
શાંતિ હૃદયે અર્પો નિજ સંકલ્પ નિમિત્ત પાત્રોમાં
શાંતિ સર્વત્ર શાંતિ મંગલ શાંતિ શાંતિ હો સર્વદા (૨)
સદા સર્વનું સર્વ રીતે કરો મંગલ સર્વદા... (૩)

શાશ્વતધામમાં વ્યાપકરૂપે પ્રગટ પ્રત્યક્ષ રહેલા શ્રી

ગુરુહરિ પપ્પાજીની ચોપાસ આ પ્રાર્થના સુણીને દિવ્ય પ્રેમ અને કરૂણાના સ્ત્રોત વહી રહ્યા છે. સમગ્ર બ્રહ્માંડ – વિશ્વ, ભારત, ગુજરાત, વિદ્યાનગર, ગુણાતીત જ્યોત, ગુણાતીત સમાજ સર્વમાં શાંતિ, પ્રશાંતિ પ્રગટે અને કાળ, કર્મ, માયાથી નિરંતર રક્ષા થયા જ કરશે તેવા હૃદય ઉદ્‌ગાર જાણે તે પરમ દિવ્ય સ્થાનક શાશ્વતધામની સમાધિ, મૂર્તિમાંથી પપ્પાજી તીર્થ, મોગરી ગામ ત્યાંથી સમગ્ર ભારત, વિશ્વમાં પ્રસરી રહ્યા છે. જે આસપાસનાં જળ, વાયુ, આકાશ, ધરા અને પ્રકાશ પંચમહાભૂત દ્વારા અખંડ વહી રહ્યા છે. જીવમાત્ર સૌ કોઈના તન, મન, આત્મામાં એ દિવ્ય તત્ત્વરૂપે અમોઘ શક્તિપાત્ કરીને ભક્તોને હૃદયમાં આશ વિશ્વાસ અને શ્રદ્ધા જગાડે છે, પ્રેરે છે અને સ્થિત કરે છે.



એક છૂપુ આંતર રક્ષાકવચ ભક્તોનાં મનમાં સવળી વિચારધારા અને હૃદયમાં પ્રત્યક્ષના મહિમાની હેલીરૂપે વહી રહ્યું છે. આ શાશ્વતધામની અશબ્દ વાણીમાં ‘હું અખંડ તમારી સાથે છું.’ એ નિનાદ ગુંજે છે જે શાશ્વતધામમાંથી પ્રત્યેક પ્રત્યક્ષના ઉપાસકના ઉરમાં શ્રદ્ધાનું પૂર જગાડે છે. નીરવનાદ એક અહેસાસરૂપે ભક્તોના સમગ્ર તંત્રમાં વ્યાપ્ત બની રહે છે જે હૈયે હામ અને દૃઢ વિશ્વાસની સરિતા પ્રગટાવે છે. નિશબ્દમાંથી નીરવતા પ્રગટાવતી એ શાશ્વતધામની પરાવાણી નિરાશ માનવોમાં આશા જગાડે છે. અનંત આકાશમાંથી ‘હું તમારો છું. તમે મારા છો. તમે ડરો નહીં, હઠો નહીં, જય આપણો નિશ્ચિત છે.’ એ ભાવનાના પડઘા પળેપળે શાશ્વતધામની પપ્પાજીની સ્મૃતિ કરનારાના આતમમાં જોમ આપે છે. દેહની રક્ષા અને સમયે સમયે મદદ મળી જ રહેશે તેવો નિષ્ઠાનો મહાસાગર ઘુઘવે છે. પપ્પાજીની એ હૃદયબાની ને ભક્તોના હૃદયની આ કાલીઘેલી વિનંતી બેઉ ભક્ત હૃદયો સૂણી રહ્યા છે ને તેને આધારે એક એક પળ, એક એક દિવસ, એક એક સપ્તાહ, એક એક મહિનો અને આખુયે વર્ષ પસાર કરી રહ્યા છે. શાશ્વતધામમાં શાશ્વત મૂર્તિ પપ્પાજીની હૃદય જીવન ભાવનાના દોરે આજે સમગ્ર ભક્તગણ, માનવગણ નીડર, નિશ્ચિંત બનીને જીવન જીવી રહ્યા છે.

એ જ ધરા પર ‘શાશ્વત ધામ’ની શાશ્વતિનું રહસ્ય છે – આલોક, પરલોક કે આધ્યાત્મિકતામાં પ્રગટતા સર્વે અવરોધોને ટાળી બ્રહ્મભાવમાં વિચરતા કરવા અને તે પણ સુખ, શાંતિ, આનંદથી એ શ્રદ્ધાના ધોધમાં ભીંજાઈ શાશ્વતધામની દશાબ્દિ પૂર્ણ કરીએ.

★ શાશ્વતધામના સ્થપતિ પૂ.જીતુભાઈ મિસ્ત્રી અમદાવાદ અને શાશ્વતધામના શિલ્પકાર પૂ.અમૃતભાઈ પ્રજાપતિ, જયપુર જેમણે પપ્પાજીની આબેહૂબ મૂર્તિ અને શ્રી ચરણકમળ બનાવ્યા છે.

તે બંને કોરોનાગ્રસ્ત બનીને સંબંધયોગે અક્ષરધામમાં શ્રીજી, પપ્પાજી સંગે બિરાજી ગયા છે. આપણે સૌ તેમને માટે કુટુંબીજનો માટે પ્રાર્થના કરીને તેમના આ ભવ્ય, દિવ્ય યોગદાનનું ઋણ ચૂકવીએ.



# ગુરુહરિ પપ્પાજીના સાક્ષાત્કારદિને...
## આત્મસાક્ષાત્કારનું અમરત્વ...

માનવજીવનનું ધ્યેય – જીવમાંથી શિવ બનીને, અમૃતત્ત્વ પામીને, છતીંદેહે ભક્તિ-પરાભક્તિના સનાતન સુખને પામવું, માણવું અને વહેંચવું. પણ આ ધ્યેય સુધી પહોંચવાની ક્ષમતા શું સૌ જીવોમાં હોય છે ખરી ? હા અને ના. જ્યારે જીવની ક્ષમતાની વાત આવે ત્યારે કેવળ જાગરૂકતા આત્માની – એક પરમ અભીપ્સારૂપે જો હોય તો જ એ જાગરૂકતાને પૂર્ણ પ્રજ્વલિત કરનાર પરમશિવ પ્રગટે, સંબંધ આપે, જોગ-સંજોગ ગોઠવે અને અનલકણ અડકાડી દે છે !

આજના કલિયુગમાં (સૌ એવું કહે છે !) શું એ શક્ય ખરું ! કલિયુગમાં કલ્કિ ભગવાન અવતાર પામીને દશ અવતાર બાદ પૃથ્વી પર પ્રગટ થશે, થનાર છે અને જીવોના આત્મઉદ્ધાર કરશે ! પણ ? ૨૪૦ વર્ષ પૂર્વે પ્રગટેલ સર્વોપરી પરબ્રહ્મ તત્ત્વ શ્રી સહજાનંદજી મહારાજે જ્યારે ગુરુ શ્રીરામાનંદસ્વામીજી પાસે દીક્ષા લીધી અને તે પળે અદ્‌ભુત વરદાન વરસાવી દીધા ! 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી આર્ષદ્રષ્ટિ ધરાવનાર શ્રીજીએ કહ્યું, 'હું આ પૃથ્વી પર અખંડ રહીશ' અને એ વરદાનની સનાતન શૃંખલામાં ગુણાતીત ભાવની અનાદિ પરાભક્તિના ધારક શ્રી ગુણાતીતાનંદજી પ્રથમ સ્થાન પામ્યા. પરબ્રહ્મ તત્ત્વ જેવું જ કાર્ય છતાંયે બ્રહ્મરૂપે જ. વિશિષ્ટ અદ્વૈતની એ અખંડ અનુભૂતિમાં પરમ દાસત્વનો અલૌકિક આનંદ માણનાર અને વહેંચનાર બની માનવ જીવનને ધન્ય કર્યું અને અન્યને કરાવવા ત્યાગી કે ગૃહી, તે સૌના આત્મામાં સીધો સ્પર્શ કર્યો અને પૂર્ણ દાસત્વની અમૃતધારાના ધારક અને પ્રેરક બનાવી દીધા.

એ પરંપરાની ધુરા જ્યારે શ્રી જ્ઞાનજીવનદાસજી પાસે આવી ત્યારે એમણે પણ પોતાની અનન્ય કરૂણાભરી દ્રષ્ટિથી મહત્ જીવોને સંસ્પર્શ કર્યો. અલ્પ સંબંધવાળાને જગાડ્યા અને દર્શન આશિષ અર્પીને પોતાના આધ્યાત્મિક ઉત્થાનના કાર્યમાં સામેલ કર્યા.

૧૯૫૨માં મોમ્બાસામાં માસ્તર બનીને, ૧૪ વર્ષ વિદેશમાં વસનાર અને ગૃહસ્થાશ્રમી બનીને સર્વ પ્રકારે આલોકના સુખ, શાંતિ માણી રહેલા બાબુભાઈને એ 'યોગીજી' નામે ઓળખાનાર ગુણાતીતભાવનાની શૃંખલાના બ્રહ્મસ્વરૂપ, પરબ્રહ્મતત્ત્વના ધારક અને દાસત્વની ચરમસીમાના અનુપમ મહારથીએ નિશ્ચય કર્યો – 'મારો અનુગામી, મારો વારસ ગૃહસ્થીને બનાવું...' મોમ્બાસામાં બાબુભાઈનો જીવ તો જાગૃતિને પામી ગયેલો. આ કે પેલા સૌ શાસ્ત્રોનો અભ્યાસ, આ કે પેલી શૈલીથી તન, મન ને ચિત્તને પરમવશ કર્યું હતું. સ્વધર્મની પરખ સહજ હતી પણ એટલું જ નહીં. તેવું વર્તવામાં કંઈ આડું આવે તેવું બંધન અંતરમાં રહ્યું નહોતું. વાસનાનું નામોનિશાન ટક્યું નહોતું. તો જ પૂર્ણ સ્વધર્મયુક્ત વર્તાય ને !

હજુ તો ૧૭મી એપ્રિલે ૧૯૫૨માં મુંબઈ પોતાના ઘરે પધાર્યા અને 'યોગીજી' એક યા બીજા બહાને આવી પહોંચ્યા, પોતાના સનાતન કાર્યને અસ્તિત્વ આપવા. ૩૧મી મેના તારદેવમાં શ્રી સોનાબાના ઘરે સાંજના ગૃહસ્થોની સભામાં યોગીબાપા વચ.ગ.પ્ર.૭૧ની સમજૂતિની પરાવાણી વહાવી રહ્યા હતા કે... તેમનો ઉદ્દેશ નક્કી હતો, એમનો નિર્ણય નિશ્ચિત હતો, જીવને શિવ કરવા નૈનોમાં પરબ્રહ્મ તત્ત્વની શક્તિ ધારીને એક

અદ્‌ભુત અનલતેજનો પુંજ સીધો, એક મહારથી જેમ તીર મારે એમ બાબુભાઈના નૈનો દ્વારા બાબુભાઈના રોમેરોમમાં પ્રસરી ગયો. પોતાનું કાર્ય સફળતાથી પાર પાડીને યોગીજીના અંતરે આનંદની સીમા ન રહી. ગ.પ્ર.૭૧માં શું કહ્યું ? કઈ વાત કહી ? શું સમજાવ્યું? કયા શબ્દો ચિનગારી બન્યા ? અરે અહીં તો જલતા કોલસાની ઉપરની રાખ ખંખેરે તેમ બાબુભાઈના આત્માને ઢંઢોળ્યો અને તત્કાળ ચમકનો પહાણ બનાવી દીધો. બસ. એ સનાતન પળ બાબુભાઈને નામ, નાત, જાત, વાસના, આલોક, પરલોકની પરમ વિસ્મૃતિ કરાવી રહી અને 'હું યોગીનો પ્રકાશ' એ અમૃત પોતાના રોમરોમમાં ધારીને આધ્યાત્મિક કાર્યની ધૂરા બાબુભાઈએ પોતાના હસ્તક લીધી અને યોગીજીની નજરુની સાક્ષીએ, તેમની પ્રેરણા ઝીલનાર, ગુણાતીત પરંપરાનું અમોઘ યંત્ર બની રહ્યા. અને 'બાબુભાઈ' મટી જઈને 'પપ્પાજી' બનીને ગુણાતીત સમાજના સૂત્રધાર બની ગયા.

ગૃહસ્થ તો ન રહ્યા પણ સામાન્ય માનવીય ક્રિયાઓ પણ મશીનની જેમ જડ તંત્રની જેમ થતી ગઈ. પૂર્વેના સંબંધોને આધાર આપીને અમૃત્વના માર્ગે દોરવા પ્રેમ પ્રાર્થનાનો અદ્‌ભુત ઉપયોગ કર્યો જેથી દેહના સૌ સંબંધીઓ પણ જીવ જ કહેવાય ને ! પત્ની, બાળકોને પણ પોતાની ભક્તિના પરમધોધમાં પરાશુદ્ધ સંબંધે જોડી દીધા. અને એક અપૂર્વ કાર્ય : કુટુંબેસહિત કલ્યાણ તો ખરું જ પણ બ્રહ્મભાવ પણ જગાડી દીધો.

'કર્તુમ અકર્તુમ અન્યથાકર્તુમ શક્તિ' એક સંકલ્પની જ. એક એના દ્વારા જ સર્વે કાર્યો યોગીજીની પરાભક્તિરૂપે થવા લાગ્યા. અને ચાર પાંખાળો સત્સંગ ૧૯૬૬માં અસ્તિત્વમાં આવ્યો ! અને વળી પોતાના સાક્ષાત્કારના અમૃતફળરૂપે વ્રતધારી બહેનો, કર્મયોગી અને ભક્તિમાર્ગીને એક સરખી જ્ઞાનસમાધિની બક્ષિશ આપીને આલોક, પરલોકથી પર કરી, અલૌકિક ભૂમિકાના સ્વાદનો યે અનુભવ ન કરાવ્યો. અને કેવળ 'તુંહી તુંહી' કરતા કરી દીધા. એ પરમ અમૃતત્ત્વનાં ફળસ્વરૂપ પપ્પાજીએ તત્સ્વરૂપ ગુણાતીત જ્યોતના પ.પૂ.સોનાબા, પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ. તારાબેન, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.પદુબેન જેવા પરમ કલ્યાણકારી ગુણના ધારક, વાહક અને પ્રેરકરૂપે ઘડી તૈયાર કર્યા. વળી વ્રતધારી ભાઈઓમાં અનુપમ મિશનમાં પ.પૂ.જશભાઈ સાહેબ અને તેમના આઠ અનુપમ સખાઓને આધ્યાત્મિક વારસ બનાવીને સ્વતંત્ર કાર્યભાર સોંપી દીધો. 'ગુણાતીત પ્રકાશ'નું નૂતન સાધકોને વ્રત આપીને પોતાના શરણે લીધા. યોગીજીએ પોતાની સંકલ્પ શક્તિથી તૈયાર કરેલ સંત સાધુઓમાં પ.પૂ.હરિપ્રસાદદાસજી, પ.પૂ.અક્ષરવિહારીદાસજી, પ.પૂ.મુકુંદજીવનદાસજી, પ.પૂ.નિર્મળજીવનસ્વામીજીને પૂર્ણ સ્વતંત્રતા અર્પીને, સંકલ્પથી સેવીને, બ્રહ્મરસના ભોક્તા અને દાતા બનાવી દીધા. તો વળી ગૃહસ્થો ક્યાંથી બાકી રહે ! પ.પૂ.રમણીકભાઈ મોદી, પ.પૂ.જશભાઈ ભટ્ટ અને પ.પૂ.નરસિંહદાસ પરસાણિયા જેવા ગૃહી પણ ત્યાગી જેવી જ આત્મઅવસ્થામાં પળેપળ જીવનાર બનાવી દીધા. આમ ગુણાતીત સમાજને ચારેય પાંખાળે સર્જીને સૂત્રધારને સોંપીને ૧૯૫૨માં જે સાક્ષાત્કારની પરમ અનુભૂતિ થઈ હતી તેને બૃહદ ગુણાતીત સમાજના એક યા અનેક રૂપે પ્રસ્થાપિત કરી, પ્રગટાવી, પ્રસરાવી અને એના અમૃતફળનો રસાસ્વાદ માનવમાત્રને આવે તેવો માહોલ પૃથ્વી પર તૈયાર થયો.

પપ્પાજીએ ગ.પ્ર.૭૧માં જે પરાજ્ઞાન હતું તે 'મુક્તાક્ષર પુરુષોત્તમની નિષ્ઠા' પ્રગટાવી અને 'સંબંધે સ્વરૂપ માની સેવા કરવાની' આહલેક જગાડી છે તે સાક્ષાત્કારની અમૃત છોળો જ ગણાય ને ! એ છોળોમાં ભીંજાનાર આપણે સૌ અમૃત્વને પામી જ ગયા છીએ એવી પરમ શ્રધ્ધાનો દોર વિચાર, વાણી, વર્તનમાં પકડીને પ્રસરાવીએ. વિશિષ્ટાદ્વૈતની આ અદ્‌ભુત શૃંખલાના આપણે સૌ એક અનન્ય સાંકળરૂપે છીએ જ તેનો બ્રહ્માનંદ માણતા રહીને આપણા પપ્પાજીના આત્મ સાક્ષાત્કારના ૬૯માં વર્ષને રોમેરોમમાં માણીએ.

'अमृतस्य: पुत्रा वयम् । – આપણે સૌ અમૃતના પુત્રો છીએ' તે ઉપનિષદનું પ્રથમ બ્રહ્મવાક્ય – સૂત્ર છે. તેનો અનુભવ કરીને પ્રત્યેક પળે અમરત્વને ભોગવીએ.

'We are children of immortal bliss.'



## પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિને...
## કામિલ, કાસિબ સબ હુન્નરના ધારક...

ગુણાતીત નારી રત્નોના સર્જન માટે શ્રીજી – યોગીજીનો સંકલ્પ ગુરુહરિ પપ્પાજીએ ઝીલ્યો અને સાક્ષાત્કાર પામીને જે ગુણાતીત ભાવ પામ્યા અને તેને પોતાના વર્તનમાં પ્રસરાવ્યો ને વહેતો રાખવા નિજ ઘર મંદિરે ૧૮ સાધક બેનોને આશ્રય આપ્યો. અને તેમાં પૂ.સોનાબાના સમગ્ર કુટુંબે યા હોમ કરીને સેવા સમર્પણથી ઝૂકાવ્યું. યુવાન દીકરી પૂ.તારા, પૂ.જ્યોતિને સાધુતા પમાડવા ૧૯૫૨ના પ્રથમ ચરણમાં સ્થાન મળ્યું. અને ૧૯૫૬માં યોગીજીને પ્રાર્થના પોકારથી વશ કરીને અંતરનાદ સુણી બાબુભાઈની વરણી કરીને પૂર્ણ સમર્પણની ભાવનાથી શ્રી તારદેવને તીર્થધામ માની પધાર્યા – આવ્યાં પૂ.હંસાદીદી !

એમણે પૂર્વે અનાદિના – શ્રીજી સમયના અનેકોઅનેક વરિષ્ઠ સંતો, પરમહંસોની કક્ષાના કાર્યો શરૂ કર્યા. મુક્તાનંદ સ્વામીની જેમ 'મા' બનીને મહારાજના અનેક કાર્યોના સાથી, સાક્ષી બન્યા. બ્રહ્માનંદ સ્વામીની જેમ ટીખળ કરી સખાભાવે વર્તન કરીને સ્થપતિ બનીને ગુણાતીત જ્યોત, પ્રભુકૃપા, સ્મૃતિમંદિર, શાશ્વતધામની રચનાઓ કરી અને શ્રીજીની શોભા બની રહ્યાં.

તો વળી પ્રેમાનંદ સ્વામીની પ્રેમ લક્ષણા ભક્તિ ધારીને અનેક ભક્તિ પદો હૃદયના મહિમાના સ્ત્રોતથી રચ્યાં. સાધનાની સરળતા અને સાધકની જાગ્રતતા માટે જે અનિવાર્ય તે પ્રાર્થના ને ગરજથી છલકાતા પદો રચ્યાં. નિષ્કુળાનંદ સ્વામીની જેમ અનેક શાસ્ત્રો પપ્પાજી પાસે લખાવ્યાં અને પોતે પણ લખ્યાં.

નિત્યાનંદ સ્વામીની માફક મહાપૂજાના અનુષ્ઠાનના પહેલા સમિધ બનીને ગુણાતીત સાધનાના ઉજ્જ્વલ પથદર્શક બન્યાં. ગોપાળાનંદ સ્વામીની જેમ ઉપશમ ધારીને નીરવતામાં રહી મહારાજ સંગે નિરંતર વાર્તાલાપની, અરસપરસની ગોષ્ટિ કરનાર ભક્તહૃદયા બન્યાં. ઐશ્વર્યો ધારીને શુદ્ધિકરણના માર્ગે ભક્તોની સહૃદયા બનીને સુખ, શાંતિ અને આનંદથી જીવભાવ ટાળવામાં મદદનીશ યંત્ર બન્યાં. બૃહદ સમાજમાં ઉપશમ ધારીને પ્રાર્થના, મહિમાની સરવાણી વહાવી અને ઐશ્વર્યો વાપરી ભક્ત સમુદાયને આલોક, પરલોકના દુઃખ દર્દથી પર કરવા શ્રીજી મહારાજનું ઉપકરણ બનીને રહ્યાં. શ્રીજીના આશિષ 'મારા આશ્રિતને અન્ન, વસ્ત્ર અને રહેઠાણની તકલીફ ન હોય' એ વચનની સત્યતા પોતાના પ્રાર્થના અને ભજનથી સમાજમાં વહાવી – 'મારા ભક્તોને અંતકાળે યમરાજા લેવા ન આવે પણ હું સ્વયં આવીશ અને મારા ધામમાં તેડી જઈશ.' એ વરદાનની નિષ્ઠા અને અનુભૂતિ સમાજના પ્રત્યેક આશ્રિતોના હૃદય સોંસરવી કરી અને મૃત્યુના ભયથી પર કરીને છતીદેહે મોક્ષ માટે જાગ્રત કર્યા. અક્ષરધામનું સુખ એટલે કર્તવ્ય કર્મો કર્યા છતાંયે મૂંઝવણ આવે જ નહીં. તેવી કક્ષાના ભક્ત ગણને તૈયાર કરવા હંસાદીદી નીડર, નિર્ભય અને સ્વાધીન રહી, અંતઃપ્રેરણાથી કાર્યરત થયાં.

ગુણાતીતાનંદ સ્વામીજી જેમ અક્ષરરૂપ બનીને આવનાર પ્રત્યેક જીવને અહંતા, મમતાથી પર કરી, નિર્વાસનિક બનાવી નિષ્કામધર્મના ધારક બનાવવા

પ્રત્યેક પળે પોતે શ્રીજી પપ્પાજીના દાસનાયે દાસ બનીને જીવ્યાં. નાના-મોટા, સાધક કે ગૃહસ્થ કોઈપણ અલ્પ સંબંધવાળા માટે એકાંતિક ધર્મના ધારક કરવાનો શ્રમયજ્ઞ, આ દીદીનો પ્રત્યેક પળે ચાલે જ છે એમાં જે અગ્નિ છે તે પોતાના સમગ્ર સમયનો પૂર્ણ ઉપયોગ કરીને, મુક્તોની નામાવલી રટીને સંકલ્પથી સેવન કરીને, શ્રીહરિ સ્વરૂપ પ્રત્યક્ષ પ્રભુ શ્રી પપ્પાજીના ચરણે ધરવા - અધધધ નામો... સાધક બહેનો, ભાઈઓ, સંતો, ગૃહસ્થો... સમગ્ર ગુણાતીત સમાજ એમાં આવરી લેવાય અને પળેપળે શુદ્ધિકરણના હેતુથી તેઓનું જતન અને સેવન આજ સુધી નિરંતર નિશદિન ચાલુ જ રહ્યું છે.

સ્વરૂપાનંદસ્વામીજીની જેમ મૂર્તિની સ્મૃતિના પ્રચંડ ભોગી. તારીખ, વાર, સમય પ્રમાણે વિવિધ સમયે ગુરુહરિ પપ્પાજીનું મૂર્તિ દર્શન અને મહિમાનો અહોભાવ! પ્રત્યક્ષની પ્રાપ્તિનો ઉન્માદ અને પોરહાટ તેમના મુખારવિંદમાં તો દશ્યમાન થાય છે પણ રોમેરોમમાં યુવાનીના તેજ પ્રગટાવે છે. સાક્ષાત્કારના ૬૫ વર્ષની પળેપળ ગુણાતીતાનંદસ્વામીની જેમ દીદીએ એવી મૂર્તિ પકડી છે કે એમના સંબંધમાં આવનાર સૌનું પણ એવું કલેવર તૈયાર થઈ રહે છે કે જે તેઓ પણ એવું એમની (દીદીની) મૂર્તિનું આબેહૂબ દઢતાપૂર્વકનું મનન, ચિંતન અને નિદિધ્યાસ કરીને પ્રત્યક્ષનો સાક્ષાત્કાર પામી રહે છે.

આ રીતે અનેક પરમહંસોના ગુણોનો સાક્ષાત્કાર દીદીના જીવનમાં સહજ પ્રગટેલો છે જ.

યોગીના આશિષ 'ગુણાતીત જ્ઞાનના સંદેશા દેશ-પરદેશમાં અહીંથી ફેલાશે' તે વરદાનને પ્રત્યક્ષ રૂપ 'ગુણાતીત જ્યોત' પત્રિકાના સ્વરૂપે તૈયાર કરીને નિત નવા સૂત્રો, અધ્યાયો કે અનુભવોની પ્રત્યક્ષ લેખની એમની કલમની તાજગી રૂપે વહે છે જે આજ સુધી ચાલે છે.

ગુણાતીત જ્યોતના મહંત પદે રહ્યા છતાં સેવકભાવે વર્તી રહ્યા છે તો સાધકોના વૃંદમાં તે જ ભાવના ઉદય પામી રહી છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજનોની, પદોની સરવાણીઓમાં હંમેશા નવીનતા અને નવો જ સાધનાનો માર્ગ દર્શાવે છે. જે સમગ્ર સમાજને પ્રેરણા આપે છે. સંગીત સૂરાવલીના ક્ષેત્રમાં સાધકોની પસંદગી અને 'વિશારદ' સુધીના શિક્ષણની વ્યવસ્થા કરીને સમાજની અનન્ય સેવા કરવા સંત બેનોને તૈયાર કર્યા. 'પરમ સૂરવૃંદ' નામ અર્પીને સોનામાં સુગંધ ભેળવી.

સંસ્થાની વ્યવસ્થાના સૂત્રધાર બનીને દરેક કાર્યોના કસબી હોય તેમ સેવા અને માહાત્મ્યનો સમન્વય કરીને ભક્તોમાં સેવા કરવાની નવી ઉર્જાને પ્રજવલિત કરી. કર્મયોગી સાધકોની પસંદગી પણ મહાપૂજાની નામાવલીથી કરી અને ડૉક્ટર વૃંદને સંકલ્પથી ગ્રહણ કરીને અનંત રીતે, બહુસ્વરૂપી બનીને, જતન કરીને ગુણાતીત સમાજની સેવામાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાત બનાવીને હોમ્યા છે. નર્સોની પસંદગી પણ એવી જ આંતર પ્રેરણા અને તેઓને લોક, ભોગ, દેહથી પર કરીને ભક્તિભાવથી જીવન જીવવા માટેનો ભજન, પ્રાર્થના અને રક્ષાકવચનો સથવારો અર્પ્યો.

તો વળી શિક્ષકગણ - નવા શિક્ષકોને માટે નવીન યોજના કરીને તેઓને અભ્યાસ કરાવીને કર્મયોગના માર્ગે ગુણાતીત ભાવનાના ધારક સાધુ બનાવવા પોતાનું ખમીર તેજ વાપરીને ઉપશમ, ઐશ્વર્યથી અનેક કાર્યો કર્યા જેનું વર્ણન તો એમના જીવનદર્શન કવન 'પુષ્પદલ પરિમલ'માં છે જ.

એટલે જ 'સ્વામીની વાતુ' પ્રકરણ ૪થાની ૧૪૩મી વાત પ્રમાણે એક એક શબ્દ એક એક વાક્યના ધારક આવા ગુણાતીત સાધુ દીદીજી છે.

આજે ૬ જૂને તેમનો ૬૫મો સ્વરૂપાનુભૂતિદિન છે. તો યાચના કરીએ કે પળેપળ તમારામાં શ્રીજી પપ્પાજીનો વ્યાપ છે. નિયંત્રણ છે. દેહાતીત, ભાવાતીત, ઘડવાના આપના નિરંતરના ઉદ્યમમાં અમે અભાવ, અવગુણ, ખટપટરૂપે આડા ન આવીએ ને સંપ, સુહૃદભાવ, એકતા રાખીને સરળ, સહજભાવે વર્તીને બ્રહ્મભાવમાં નિરંતર રહી આપની પ્રાપ્તિના આનંદ અહોભાવના ધોધમાં ભીંજાયા જ કરીએ. એવી કૃપા આશિષની અભ્યર્થના.



## વૈશાખ વદ ૧૨ – બ્ર.સ્વ.યોગીજીમહારાજના પ્રાગટ્યદિને...

'સૌનું ભલું થાઓ' એવા હરહંમેશના આશિષ વહાવી, સુખિયા કરનાર શ્રી યોગીજીમહારાજ આ ધરાએ પધાર્યા. ને સંબંધમાં આવનારને તેમના પ્રેમપ્રવાહમાં ભીંજવી પ્રભુમય જીવન જીવતા કર્યા છે એવા શ્રી યોગીજીમહારાજને અનંત વંદન.

અખંડ ભગવાન સ્વામિનારાયણને ધારીને પળેપળ જીવ્યા ને ગુણાતીત સ્વરૂપે પ્રભુનું અદ્વિતીય કાર્ય કર્યું છે. શ્રી શાસ્ત્રીજીમહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કાર્ય આરંભ્યું તેમાં શ્રી યોગીજીમહારાજે ગુરુ શાસ્ત્રીજીમહારાજના વચને રાત-દિન જોયા વિના, કષ્ટોને સ્મિતસભર આવકારીને, દેહથી પર રહી ભીડાભક્તિને સ્વીકારીને અદ્ભુત કાર્ય કરીને ગુરુભક્તિનો આદર્શ પૂરો પાડ્યો છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજની એકપણ કથામાં શ્રી યોગીજીમહારાજની સ્મૃતિ કે વાત ના આવે તેવું બન્યું નથી. ગુરુહરિ પપ્પાજી મહારાજે એકવાર યોગી જયંતીએ કૃપાલાભ આપતા કહ્યું હતું કે, 'યોગીજીમહારાજના જતનથી અમે સુખિયા થઈ ગયા. પોતે તો નિરંતર અક્ષરધામની સમાધિમાં રહી દરેક ક્રિયા કરતાં પણ અમને પણ તે પંથે પ્રયાણ કરાવ્યું છે. તેમણે કૃપા કરીને મોટી મોટી વાતો ખૂબ સરળતાથી ને સાદા ઉપદેશથી સમજાવી છે. બાપા કહેતા કે, આપણે ભગવાનના છીએ પણ માયાના નથી. માટે ભગવાન ભજી લેવા. દરેક ક્રિયા પ્રભુને સંભારતા સંભારતા કરવી. કોઈ વાતનો અહંકાર રાખ્યા વિના જે સેવા મળે તે અહોહોભાવે કરી લેવી. સૌમાં સંપ, સુહૃદભાવ ને એકતા રાખવા. સંબંધવાળા કોઈના અભાવ અવગુણમાં ના પડવું. આપણે ભેગા થઈએ ત્યારે ગ્રામ્યવાર્તા ન કરવી. કદીય ક્રોધ-ગુસ્સો ના કરવો. દેહનો,મનનો ભીડો ખમતા શીખવું. સ્વભાવ મૂકવા ને સાધુતા શીખવી. સૌ પાસે રાંક રહી નમતા રહીએ. આવું તો કેટલુંય આલોકનું સિંચન કરી બખ્તર તૈયાર કર્યું.

તો પરલોકના સુખ માટે 'હું ગુણાતીત છું, બ્રહ્મ છું' એમ માનીને વર્તતા શીખવ્યું. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી છે. કર્તા, સાકાર, સર્વોપરી અને પ્રગટ છે. શ્રી ગુણાતીતાનંદસ્વામી અનાદિ મૂળ અક્ષરમૂર્તિ છે. જે મહારાજને રહેવાનું ધામ છે. પ્રગટ સત્પુરુષ એ મોક્ષનું દ્વાર છે. આ ત્રણ વાતની જીવમાં દ્રઢતા કરાવી. એટલે જોગીબાપાનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમનું ઋણ ચૂકવી શકાય તેમ નથી. અમે જોગીબાપા રાજી થાય એ જ એક ઈશક રાખ્યો તો તેમના જેવા સુખિયા કરી દીધાં. તેમના જેવા એટલે કોઈનો અભાવ આવતો નથી. બાકી હું તો સત્ત્વિક હતો કોઈનો ભરેલો પ્યાલો મને દેખાય જ નહીં. તેમાંથી સૌને પ્રભુ વર્તાવે તેવું માનતો કરી દીધો એ બાપાની કેવી જબરજસ્ત શક્તિ ! તો આપણે બાપા જેવી સાધુતા પ્રાપ્ત કરીએ તે સાચી યોગીજયંતી ઉજવી કહેવાશે.

હે યોગીજીમહારાજ ! હે ગુરુહરિ પપ્પાજી મહારાજ! અમે દાસાનુદાસ બની, સાધુતા પ્રાપ્ત કરી તમારું કાર્ય તમારી રીતે કરીએ તેવા આશિષ વરસાવી ધન્ય કરશોજી.



# બ્ર.સ્વ.કાકાશ્રીના પ્રાગટ્યદિને...

૧૨મી જૂને કાકાશ્રીનો પ્રાગટ્યદિન. તેઓએ આ ધરાએ પધારી સર્વોપરી નિષ્ઠા, દાસત્વભક્તિ, નિર્દોષબુદ્ધિ, સુહૃદભાવના દ્રઢ પાયા નાખ્યાં. કાકાજીએ આપણને સત્ય સમજાવ્યું કે, આપણને જે પ્રત્યક્ષ સ્વરૂપ મળ્યું છે એ જ અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ છે. સાધુતા અને દાસત્વભક્તિના સ્વાંગમાં સ્વસ્વરૂપને છૂપાવી વર્તી રહેલા શ્રી યોગીજીમહારાજ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ સ્વરૂપ છે. આ દર્શન કાકાજીએ તેમને થયેલા સાક્ષાત્કારમાં કર્યું. ને યોગીજીમહારાજનું સ્વરૂપ ઓળખાવી એમને છતરાયા કરવા બ્રહ્મપ્રવાહ વહાવીને આ પરમ સત્ય અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયમાં પ્રસરાવ્યું. દ્રષ્ટાંતો, અનુભવો, પ્રસંગો દ્વારા ને પોતાના વર્તન દ્વારા, પ્રત્યક્ષના મહિમાની અદ્ભુત વાતો સમજાવી છે. શ્રી કાકાજીએ પોતાની પરાવાણીમાં મોટા પુરુષ કહે તેમ કરી લેવા પર જે વાત સમજાવી છે તેનું મનન ચિંતન કરી જીવનમાં ચરિતાર્થ કરીએ.

'આપણે અક્ષરધામનું સુખ લેવું છે ? જવાબમાં 'હા' હોય તો મોટા પુરુષ કહે તેમ કરી લઈએ. જુઓ તમને ગેડ્ય બેસે તેવો મારો દાખલો આપું અમે બાપા સાથે નારાયણધરે ગયેલા. શિયાળાના દિવસો. ઠંડુગાર પાણી. બાપાએ કહ્યું કે, 'આ ધરામાં ન્હાવ. એક લાખ યજ્ઞનું ફળ મળશે.' આપણને સૌને જ્ઞાન છે, બોલીએ છીએ કે મોટા પુરુષ જે કહે તે નિર્વિચારી પણે તત્કાળ કરી લેવું. પણ આપણી ખોપરી દિવ્ય નથી તેથી એક પળ તો વિચાર આવી જાય કે શિયાળાના દિવસો ને ઠંડુગાર પાણી. બાપાનું ફર્યું લાગે છે ! બુદ્ધિ તર્ક-વિતર્ક કરે જ... મને હાળું બાપા સાથે હેત બહુ. તે કહે પછી ખલાસ વાત. હું તો મોટેથી બોલતાં બોલતાં ન્હાવા માંડ્યો કે, 'હે જોગીમહારાજ ! ગરમ ગરમ પાણી છે ન્હાવ.' એમ સ્મૃતિસહ નાહીને બહાર નીકળ્યો. બાપા રાજી થઈ ગયા. મને બાપા કહે કે, 'હું ખૂબ રાજી થઈ ગયો.' મેં પૂછ્યું, 'આ ન્હાયા એટલામાં તમે રાજી થઈ ગયા ?' તો કહે, 'ના. તમે રહસ્ય સમજ્યા કે મોટા પુરુષ કહે તે કરી લેવાનું. ઠરાવ નહીં રાખવાનો. તમે ઠરાવરહિત ગુરુમુખી વર્ત્યા એટલે રાજી થઈ ગયો.'

એક વસ્તુ દ્રઢપણે શીખી લઈએ કે, જેને આપણે કલ્યાણદાતા માન્યા છે તે મોટા પુરુષ જે કહે તે નિયમ ને ધરમ. તેમાં શંકા-આશંકા કરી બુદ્ધિ ન ચલાવવી. આપણે અખંડ તેમનું ચિંતવન કરીશું, તેમની સ્મૃતિથી સભર રહીશું તો જ શક્ય બનશે. બાકી મનુષ્યભાવમાં પડી જ જવાશે. માટે આપણે જાગ્રત રહેવું છે ને મોટા પુરુષ કહે તેમ કરવું છે. કહેવાનું શું કે, એકવાર આપણને મનાઈ ગયું કે જે પ્રત્યક્ષ સ્વરૂપ મળ્યું છે તે મારા કલ્યાણદાતા છે. પછી તે દિવ્ય જ. તેની બધી જ ક્રિયા ને ચરિત્રો દિવ્ય જ. પછી તે લૌકિક હોય કે અલૌકિક. બસ મારો વાલીડો જે કરે તે દિવ્ય જ. વિપરીત ભાવ જ નહીં. પ્રસંગો બનશે પણ સ્વરૂપમા ને વપરાનારા સૌને નિર્દોષ માનજો. સ્વરૂપ તરફની વફાદારી ચૂકશો નહીં. તેવું પળેપળ જીવો તેવી પ્રાર્થના.'

શ્રી કાકાજીએ બતાવેલ માર્ગ પર ચાલીને સ્વરૂપોનો અંતરનો રાજીપો પ્રાપ્ત કરી લેવાય તેવી શ્રી કાકાજી અને સૌ સ્વરૂપોને પ્રાર્થના.

## સત્સંગ સમાચાર

### તા.૨૧.૪.૨૦૨૧ : શ્રીહરિ જયંતીની ઉજવણી...



વૈશ્વિક મહામારીના વાતાવરણમાં સર્વનિયંતા શ્રીહરિની ૨૪૦મી પ્રાગટ્યજયંતી ઉજવવા ગુણાતીત જ્યોતના ગુણાતીત સંદેશા મુજબ સૌ હરિભક્તોએ પોતાના ઘરમંદિરમાં શ્રીહરિને પધરાવી, પ્રગટાવી, થાળ-આરતી કર્યા. તો ગુણાતીત જ્યોતમાં વંદન-નમન ગ્રુપના સ્વરૂપોએ પંચામૃત હૉલના મંદિરમાં ને પ્રભુકૃપામાં સેવકોએ અને ગુણાતીત પ્રકાશના સ્વરૂપોએ તથા સર્વ સાધકમુક્તોએ પોતાની રૂમમાં ઠાકોરજી પધરાવી, આ પર્વને માહાત્મ્યસહિત પ્રેમલક્ષણા ભક્તિએ માણ્યો. જ્યોતની મધ્યસ્થ કાર્યવાહીના સ્થાનેથી સભાસંચાલન થયું. આવાહ્ન શ્લોક પછી શ્રીહરિની સ્મૃતિનાં તથા પ્રત્યક્ષ ગુરુહરિની સ્મૃતિનાં પાંચ ભજનો ગવાયાં. ત્યાર બાદ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.શોભનાબેન અને ગુરુહરિ પપ્પાજીના આશિષ લીધા. અને એમના વચનોને સંભારતા સંભારતા પ્રભુ પ્રાગટ્યના વધામણાં પૂર્વે ૨૫ સેકન્ડ ઘંટનાદ કર્યો.






પંચામૃત હૉલમાં ઠાકોરજીનું પ્રાગટ્ય પ.પૂ. શોભનાબેને કર્યું. ત્યાર બાદ પંચાજીરી અને સૂકા મેવાનો થાળ સૌએ પોતાના નિવાસમંદિરે અર્પણ કરી, આરતી કરી. સર્વ સાધકોએ વિધવિધ રીતે ઠાકોરજીને પધરાવ્યા હતા તે સૌના હૈયે આ અજબગજબ સંભારણાએ પ્રાર્થના વિનંતી કરી ઠાકોરજીની મરજી સ્વીકારી પ્રસન્ન કર્યા.

ચાલો ત્યારે પ્રભુધારક સ્વરૂપોએ અને ગુરુહરિ પપ્પાજીમહારાજે આપેલ આશિષવચનો ગૂંજીએ...

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ખરેખર આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. ૨૦૦ વર્ષ ઉપર શ્રીજી મહારાજ પ્રગટ થયા. પણ તે વખતે એમને જેવા છે તેવા નો'તા જાણ્યા. હેડ તરીકે મનાયા, સંસ્થાના આચાર્ય તરીકે, ગુરુ તરીકે. અને ઘણાને ઈર્ષા થઈ કે અમે નથી? ત્યાગવાળા છીએ, તપવાળા



છીએ, ધ્યાનવાળા છીએ. અમને બધાંને મૂકીને આ ૧૯ વર્ષના છોકરાને ગાદી આપો છો ? બધાંએ ટઉં ટઉં કર્યું. ૧૫૦૦સાધુ હતા એમાંથી ૧૦૦૦ તો ઘરે જતા રહ્યા. ભગવાનને ઓળખ્યા હોય તો રહે કે જાય ? જતા રહ્યા. ને ૫૦૦ જણ રહ્યા. મહારાજે ધર્મ ચલાવ્યો પ્રત્યક્ષ હતા તે વખતે. ત્યારે બધાયને હેતનિષ્ઠા હતી. ત્યારે એમનું માહાત્મ્ય સમજવામાં જે ખામી હતી એ અત્યારે ઉઘાડે છોગ માહાત્મ્ય ગાઈ શકીએ છીએ.

યોગીજીમહારાજ પોતે કાળ જેવા નહીં, કર્મ જેવા નહીં, માયા જેવા નહીં એ આ પુરુષ યોગીજીમહારાજનું જોરશોરથી દાદુભાઈએ આ માહાત્મ્ય ગાયું. અને આપણે સાંભળ્યું ને વર્તવા માંડ્યા. અંતર્યામી માન્યા તો અંતર્યામીપણે જવાબ દેવા માંડ્યા. માણસ માનીએ તો માણસ જેવા જવાબ દે. ગુણાતીત સત્પુરુષ હતા. દેવ માનીએ તો દેવ જેવા. સામાન્ય સાધુ માનીએ તો સામાન્ય સાધુ જેવા. જેવા માનીએ એવા થઈ જઈએ. અત્યારે સંતો આપ્યા. સંતોનો સમાગમ કરો કે જેથી કરીને યથાર્થ જેવું છે તેવું સ્વરૂપ ઓળખાય.

યોગીજીમહારાજે ઢગલાબંધ સંતો તૈયાર કર્યા. એટલા માટે આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. મહારાજને આપણે જાતે ઓળખવા ગયા હોત તો ઓળખી જ ના શકત. બહુ તો દેવ જેવા, ઈન્દ્ર જેવા, લક્ષ્મીનારાયણ જેવા માનત.

બધાંને જોગી સ્વરૂપ જ માનીને જીવીએ. બા જેવા, બેન જેવા માની સેવા કરી લઈએ. સહેલો ને સટ રસ્તો છે. બધા જ ગ્રહણ કરે છે એમ માનોને. ગુણાતીતની વાતમાં છે. એકેએક ગ્રહણ કરે છે એમ માનો. મારે માટે નહીં. મારે તો પતિવ્રતાની ભક્તિ રાખવાની. કાલે થતું હોય તો આજે કરી નાખવાનું. કર્યા પછી કરવું નથી. પછી નિરાંત ને શાંતિ. સદ્‌ગુરૂઓએ પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી તો હવે કાંઈ કરવાનું છે ? તો જાગ્રતતા રાખી, લઈ મંડીએ એવું કરવાનું બળ મળે એ જ આજે શ્રીજી મહારાજના પ્રાગટ્યદિને પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ખરેખર સ્વામિનારાયણ



ભગવાનનું પ્રાગટ્ય એકાંતિક ધર્મ સિદ્ધ કરવા, કરાવવા માટેનું છે. અને ત્યારથી આપણે બધાં સાથે ને સાથે છીએ.

ભગવાન પ્રગટ્યા તો આપણને આ જીવન મળ્યું અને એ સ્વરૂપોએ – જેણે મહારાજને ઓળખ્યા, મહિમા સમજ્યા એના થકી આ પરંપરા ચાલે છે. ગુણાતીત પરંપરા છે. એમાં આપણો નંબર લાગ્યો. પપ્પાજીએ આપણને સુખે સુખે એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાનો સંકલ્પ કર્યો અને પોતાના ગુરુ જેને એ સર્વસ્વ માનતા એ આ યોગીજીમહારાજ પાસે પોતાનો સંકલ્પ રજૂ કર્યો તો યોગીબાપાએ કહ્યું, 'ખાલી સુખે સુખે નહીં, પણ સુખ, શાંતિ ને આનંદથી.' અને એ કામ કરાવ્યું. આ એ સંકલ્પ પ્રમાણે આપણું જીવન પળેપળનું થાય એવું એમણે આપણી પાછળ ભક્તિ માની બહુ જ શ્રમ કર્યો છે. એનો આજે વિજયદિન છે. એનો આનંદ છે. આપણે એ જ વાત રાખવી છે કે મારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. મારી એક પણ સેકન્ડ ભક્તિ વગરની ન હોય. ૧૯૬૪માં જ્યારે પપ્પાજી બીમાર થયા ત્યારે મારાથી ટેસ્ટટ્યુબ તૂટી ગઈ. પપ્પાજી બીમાર હતા ને અવાજ સાંભળીને પૂછ્યું 'શું થયું ?' મેં કહ્યું, 'પપ્પાજી ટેસ્ટટ્યુબ તૂટી ગઈ.' પપ્પાજીએ કહ્યું, 'ભક્તિ હતી?' અહોહો કેટલું જતન કર્યું ! હું તો હસી કાઢતી હતી પણ ભક્તિ વગર મારાથી કંઈ ના થઈ શકે એ એમણે મને બતાવી દીધું. એ જાગ્રતમાં કે ઊંઘમાં હોય, સાજા હોય કે બીમાર હોય, દેશમાં હોય કે પરદેશમાં હોય, અને અત્યારે અનિર્દેશમાં બિરાજમાન છે આપણી જયંતીના ઉત્સવનાં દર્શન કરી રહ્યા છે ને માણી રહ્યા છે કે મારા ભક્તો મારા કાર્યને જાણી ગયા. હવે આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. તો આપણા પ્રભુનો મનોરથ એ જ આપણા જીવનની એક વીશ હોય. આપણી ઈચ્છા એ છે આપણી તમન્ના એ છે આપણે કરવું છે એ. નાના હોઈએ કે મોટા, નવા હોઈએ કે જૂના, બહેનો

હોઈએ કે ભાઈઓ જે હોઈએ તે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો એ આપણી વીશ. ભગવાન જેનાથી પ્રસન્ન રહે એ જ આપણે કરવું છે. મારો ભગવાન તું શેમાં રાજી છે ? તો એ નિત બતાવે છે. કોઈ પુસ્તક લઈએ તોય બતાવે છે. કોઈ મિત્ર મળી જાય તો ય બતાવી દે. એવી વાત નીકળે કે આપણને ખબર પડે કે હું કાંઈક ખોટી હતી. ને આમાં રહીને મારા પપ્પાજીએ બતાવી દીધું. આપણે આપણને નોંધી શકીએ છીએ. એટલી તો એમની આપણા પર કૃપા છે. બસ કોણ મળ્યું છે ! આવી પ્રાપ્તિ ! એ આપણા માટે પ્રગટ્યા. આપણા માટે એમણે જન્મ લીધો એ કેફ રાખીએ.

સ્વામિનારાયણ ભગવાનની જયંતી એટલે આપણે તો નિર્જળા ઉપવાસ કરવાનો. એક વખત મોટો સમૈયો હતો. બાની જયંતી – શ્રાવણ સુદ બીજ, પપ્પાજી પરદેશ હતા. આપણે વી.પી.હૉલમાં સમૈયો રાખેલો. ત્યારે શું થયું કે ગુણગાન ગાવા ને સાંભળવામાં બહુ ટાઈમ થઈ ગયો. જમવાનો સમય બહુ મોડો થઈ ગયો. પપ્પાજીનો પત્ર આવ્યો કે 'બાના પ્રાગટ્યદિને તમે ઉપવાસ કર્યો ! મોટા મોટા સત્પુરુષોના જન્મદિને ઉપવાસ કરાવે છે. રામનવમીએ ઉપવાસ, કૃષ્ણ જન્મ્યા તો ઉપવાસ, મહારાજ જન્મ્યા તો ઉપવાસ. પણ તમને કહી દઉં છું કે મારો જન્મદિન આવે ને તો મિષ્ટાન્ન ખાજો. ખાજો પીજો ને આનંદ કરજો. એવું પપ્પાજીએ લખ્યું. તો આપણે હરિ જયંતીએ નિર્જળા નથી કરતા. ઉપવાસ કરો કે ના કરો પણ એક વાતનો ઉપવાસ કરવાનો કે કોઈનું ઘસાતું બોલવાનું નહીં ને માહાત્મ્ય ચૂકવાનું નહીં. જીવનનો છેલ્લો શ્વાસ ચાલે ત્યાં સુધી એ ઉપવાસ રાખવાનો. અમહિમામાં જવું નથી. જે જે મુક્તનાં દર્શન થાય તેમાં અહોહો ! એવું થવું જોઈએ. પપ્પાજીએ પોતે એવું કર્યું છે. અમે તો કેટલા નાના હતા, હજુ તો સાધનાની શરૂઆત હતી. તો પણ પોતાનો લેખ લઈને બતાવવા આવે, લે તું જોઈ લે. આમાં કંઈ ભૂલ નથી ને ! ભૂલ તો કાંઈ હોય નહીં. પણ વાંચીને આનંદ થાય. પછી પપ્પાજીને આપીએ ત્યારે એવું થાય કે આ પુરુષની મોટપ પાસે આપણે રજ પણ નથી. એનું સાંનિધ્ય કેટલું સુખદ લાગે છે! રજનો સૂરજ બનાવનાર આપણને મળ્યા છે. એ સ્વામિનારાયણ ભગવાને ભેટ આપી છે.

સ્વામિનારાયણની પરંપરા તો જુઓ. આજે આપણે જોઈએ તો અક્ષરપુરુષોત્તમની આટલી મોટી સંસ્થા થઈ ગઈ. આપણા કાકા-પપ્પાને સ્વતંત્રતા આપવા માટે વિમુખ કર્યા. તો કેટલો મોટો સમાજ થઈ ગયો ! આપણે બહુ નસીબદાર છીએ. હવે આપણે આપણું નસીબ જાળવી જ રાખવું છે. એકાંતિક બનવું જ છે. ક્યારેય કોઈના ઘસારામાં, સરખામણીમાં પડીએ તો દુઃખ છે. બાકી બધા બહુ મોટા છે. કોઈના નામ બોલાય કે ના બોલાય. પણ ભગવાનનું સુખ મને આવે છે કે નહીં ? એ જ જોવાનું. ને ઘસારાનો, અમહિમાનો નિરંતર ઉપવાસ કરવો છે. દરેક મુક્તમાં આપણે સ્વામિનારાયણ ભગવાનનું દર્શન કરવું છે. મહારાજ તમે જ છો. એ મહારાજ પપ્પાજી સ્વરૂપે મળ્યા છે એનો આનંદ કરવો. પ્રાપ્તિનો કેફ રાખવો છે. સૌને ભાવ નીતરતા જય સ્વામિનારાયણ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજે શ્રીહરિ



જયંતી. સાક્ષાત્ છપૈયામાં જન્મ્યા અને આપણને સૌને સુખિયા કર્યા ને વચન આપ્યું: 'પૃથ્વી પર સૂર્ય-ચંદ્ર રહેશે ત્યાં સુધી હું સંત સ્વરૂપે અખંડ રહીશ.' તો એનું એ જ તત્ત્વ આપણને અત્યારે પપ્પાજીરૂપે મળ્યું, આપણે પામ્યા, પપ્પાજીએ આપણને સુખિયા કર્યા. અને દિવસે દિવસે એમનો સિદ્ધાંત કે સૌ સંબંધવાળામાં કર્તા ને હર્તા એ પોતે જ છે. આપણને આગળ લેવા જાતજાતના પ્રસંગો યોજી, અંદરો અંદર અથડામણો કરાવી, અને આપણને પ્રેક્ટીકલ જ્ઞાન આપે છે કે જુઓ, તમે સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો તો કોઈપણ પ્રસંગ કેટલો સરસ પૂરો થઈ જાય છે !

તો શ્રી હરિ જયંતીએ પ્રભુ પપ્પાજીને પ્રાર્થના કે હે પ્રભુ પપ્પાજી ! હે મહારાજ ! કર્તા ને હર્તા તમે જ

છો. ફલાણો આવો ને ઢીંકણો આવો ને આણે આમ કરવું જોઈએ ને આમ નથી કરતી એ વાક્ય આપણા જીવનમાંથી ઉડી જાય ને ખાલી શ્રીહરિ જ બસ આપણા હૃદયમાં ૨૪ કલાક રહે એ જ પ્રભુ ચરણે શ્રીહરિ જયંતીએ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** ઓહોહો ખૂબ ખૂબ ખૂબ આપણે નસીબદાર ! તમે બધાં બહુ મોટાં બહુ મોટાં કરોડમાં કોક છો. એકેએક આપણે બધા બહુ સરસ છીએ. આપણો નંબર લાગી ગયો ! પપ્પાજીએ દ્રષ્ટિ કરી, કરૂણા કરી અને આપણને ભગવાન ભજવા લઈ આવ્યા. આપણને બહુ મોટી પ્રાપ્તિ, બહુ મોટી



પ્રાપ્તિ થઈ છે. પૂર્ણ મળ્યા છે ને પૂર્ણ કરીને મૂકશે. કોઈ વાતની કોઈએ ચિંતા રાખવી નહીં. ખૂબ ખૂબ ખૂબ સૌના ગુણ ગાયા કરવા. કોઈનાય સ્વભાવ કે પ્રકૃતિ આપણે જોવા નથી. બધાંય પ્રગતિ કરતાં ચૈતન્યો છે. સંબંધ થયો એટલે સાધનાની પૂર્ણાહુતિ. આ આછા-પાતળાય સંબંધવાળા એના સેવકનાયે સેવક થવું છે. કાંઈ કરતાં કાંઈ બીજો વિચાર કરવો નથી. આપણું કાંઈ છે જ નહીં. આપણે છીએ જ નહીં. આપણે તો ભક્તનાય ભક્ત છીએ. દાસનાય દાસ છીએ. અને તમને બધાયને બધાની સેવા કરવી છે, બધાંને રાજી કરી લેવા છે એ માટે જીવન જીવવાનું, સાચું આત્મીય જીવન જીવવાનું ખૂબ ખૂબ બળ પપ્પાજી આપે. પપ્પાજી આપણા આત્માના અનમોલ પિતા અને અમર એવા સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ. એમના ચરણોમાં એ જ પ્રાર્થના કે અમે ભૂલેચૂકેય કોઈનું જોઈએ નહીં, કોઈનીય માથાકૂટમાં પડીએ નહીં. એ અમારા બધા સ્વભાવ કાઢી નાખજો. અને તમારા જ ચરણોમાં, તમારી જ મૂર્તિમાં, તમારા જ વિચારમાં રત રહીએ. અમારા વિચાર, વાણી ને વર્તન ભક્તિરૂપ જ થાય એવું કરવાનું અમને ખૂબ ખૂબ બળ આપજો એ જ આપના ચરણોમાં પ્રાર્થના, ભાવવંદના.

**આશીર્દાન પૂ.શોભનાબેન :** સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી પર આવ્યા અને એમણે એમના વારસ સ્વરૂપોની પરંપરા ચાલુ જ રાખી, ચાલુ જ રાખી, ચાલુ જ રાખી. અને આપણને એમના એ જ સ્વરૂપની ભેટ પપ્પાજીરૂપે આપી. આપણે સૌ ખૂબ ખૂબ ખૂબ ખૂબ ભાગ્યશાળી છીએ. આ સમામાં



આપણો જન્મ થયો ! અને આ સમામાં આપણને પપ્પાજી મળી ગયા! ઓહોહો ! બસ યોગીબાપાએ તો આપણા ઉપર કમાલ કમાલ કમાલ કરી આપી ને કરૂણા વરસાવી દીધી અને એ જ પપ્પાજીએ આપણામાં, આપણા આત્મામાં એમનું પ્રાગટ્ય કરી આપણને ધન્ય કરી દીધા, ધન્ય કરી દીધા, ધન્ય કરી દીધા. બસ હવે તો આપણા ૫૧ ખંડ એમના પ્રાગટ્યથી ખૂબ ખૂબ પ્રજ્વલિત થઈ જાય, એ જ્યોત નિરંતર સનાતન પ્રગટેલી રહે અને આપણે પણ બસ એ સ્વરૂપને જે અંતરમાં, આત્મામાં રાખ્યા છે એ પળેપળ એમને રાખી એમને ધારી અને એમની ભક્તિ કરતા રહીએ. આપણો રાંકભાવ, આપણો દાસત્વભાવ ક્યારેય કોઈ પળે જાય નહીં અને બસ આપણે પણ દરેક પળને ધન્ય બનાવીએ, એની પરાભક્તિમાં ખોવાયેલા જ રહીએ, ખોવાયેલા જ રહીએ અને આ મુક્તો સંગે આપણે ખૂબ ખૂબ આનંદ કરીએ, ખૂબ ખૂબ એના સુહૃદ બનીએ. અને ખૂબ ખૂબ એમનું માહાત્મ્ય સમજી, પ્રભુના માહાત્મ્યને માણીએ. એવાં બળ, બુદ્ધિ ને પ્રેરણા હે પપ્પાજી ખૂબ વરસાવજો. હે દીદીબા, હે દેવીબેન, હે જસુબેન, હે પદુબેન, હે સર્વે ગુરુ સ્વરૂપો, અમારી પર ખૂબ ખૂબ ખૂબ આશિષ વરસાવતા રહેજો. અમે પણ તમારું ગૌરવ બનીને જીવન જીવીએ એ જ આપના ચરણે અંતરની પ્રાર્થના.

અંતમાં ભક્તહૃદયે સુહૃદ જપ કર્યો ને શયનપ્રારંભે આ વૈશ્વિક મહામારીના કર્તાહર્તાની લીલા ને સ્વરૂપનિષ્ઠાના દોરે ઝૂલાવતાં ઝૂલાવતાં પ્રભુ સાથે વાર્તાલાપ કરી પોઢી ગયાં.

## તા.૧૪.૫.૨૦૨૧ : અખાત્રીજ નિમિત્તે આશિષ પ્રસાદ...

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :**



આફ્રિકાથી આવ્યો અને પહેલે જ દાડે જ્યાં જોગીમહારાજ મને મલ્યા ત્યાં અક્ષરાધીશની જય. અને કબૂલ રાખી એણે. એમનેય મનાઈ ગયું ને મને ય મનાઈ ગયું. અને એમને ચેલેન્જ ફેંકી. આણંદના મંદિરે બેઠા'તા. મારે એક વાત પૂછવી'તી. જોગીબાપા તો ભગવાન રહ્યા. એમણે બધાનું રાખવું પડે. એટલે મને કહે, 'અમે રહ્યા સાધુ. અમને આમાં સમજ પડે નહીં. આમ... તેમ...' એટલે મેં કહ્યું, 'હું તો તમને ભગવાન માનું છું ને !' હું પુરુષોત્તમનારાયણ માનતો'તો. માનીને જ અહીંયા આવ્યો'તો. અંતર્યામી માનીને. એમ તમે અંતર્યામી માનો તો તમે ભગવાનને ચેલેન્જ ફેંકી શકશો. મેં કહ્યું: 'હું તો તમને ભગવાન માનું છું ને !' એટલે પછી કહે, 'આજે શું છે ?' 'અખાત્રીજ.' 'આવતી અખાત્રીજ સુધીમાં બધું પતી જશે.' લાકડી ભાંગી નહીં ને સાપ મર્યો. ભગવાન ભગવાન બોલીએ છીએ પણ વિચારને પામીએ. ગુરુને આવી રીતે અંતર્યામી માનીને બે હાથ જોડીને કહે એમ કરો. ભલે વિચાર આવે - માનના, સ્વાદના, સ્નેહના, લોભના, કામના. જે વિચાર આવે તે એની આગળ ખુલ્લા કરી દેવાના. એટલે આપણું રૂપાંતર એ કરી જ દેશે.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ઓહોહો ! આજે તો અખાત્રીજ. કેટલો શુભ દિવસ! અખાત્રીજની વિશેષતા આપણા માટે એ છે કે ૧૯૫૨માં



ગુરુહરિ પપ્પાજીનું પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ જોગીબાપા સાથે પ્રથમ મિલન થયેલું તે દિવસ. આજે અખાત્રીજના દિવસે બધા પોતપોતાના શસ્ત્રો, શાસ્ત્રો એનું પૂજન કરે. પપ્પાજીની પાસે અમે પણ જ્યોતમાં આપણા સાધનો છે તેનું પૂજન કરાવેલું છે. વાતાવરણે આપણને દૂર રાખ્યા. દેહે કરીને દૂર, મને કરીને નજીક છીએ. સવારના પહોરમાં વણસંભારે તમે બધાં સાંભરો છો.

જેને આપણે પ્રત્યક્ષ માનીને સેવ્યા, એમનું વચન એ એમનું સ્વરૂપ માન્યું. 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'માં મહારાજે પ્રથમ જ કહ્યું છે કે 'અમારાં જેટલાં વચન છે એ અમે જ છીએ એમ માનજો. જે અમારાં વચન પાળે છે એની પાસે અમે વચનરૂપે રહીએ છીએ. રાતદિવસ અમારી પાસે રહી સેવા કરે પણ અમારા વચનમાં વર્તે નહીં તેને અમે ધૂળ માનીએ છીએ. આ અમારો પાકો મત છે. અમારા કરતાં પણ અમારા વચનને અમે મુખ્ય પણે માનીએ છીએ. વચનમાં અમારો અખંડ વાસ છે.' ઓહોહો ! મહારાજે આપણને પ્રથમથી જ સ્વીકારાવી લીધું છે કે પોતે નરદેહધારી પુરુષોત્તમનારાયણરૂપે આ અવનિ પર પ્રત્યક્ષ રહીને આપણા માટે એકાંતિક ધર્મ સ્થાપ્યો. અને એ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે એવા સત્પુરુષોનો સદાય પ્રગટ વાસ રહેશે અહીંયા. એ આપણને મળ્યા. દરેક સત્પુરુષો જ્યારે જ્યારે મહારાજના સ્વરૂપો તરીકે પ્રત્યક્ષ થયા છે ત્યારે એમનું વચન એ આપણું જીવન બને એવું દરેક વખતે આપણે જ્યારે જ્યારે સાધના કરી છે ત્યારે ત્યારે આપણને એનો અનુભવ થયો છે. પપ્પાજીનું જે વાક્ય, પપ્પાજીનું જે વચન તે આપણા માટે છે. પપ્પાજીએ કેવું સરસ કહ્યું: 'તમે ન બોલો, તમારા વર્તનને બોલવા દો.' વર્તન ક્યારે બોલી શકે ? જ્યારે આપણે આવા સત્પુરુષના વચન માનીને જીવ્યા હોઈએ ત્યારે આપણું પરિવર્તન થાય અને પરિવર્તન થાય એ આપણા માટે આપણું વર્તન ભગવાનનું કાર્ય કરે છે. પપ્પાજીનું એક વચન કે આપણે કોઈપણ સંજોગોમાં મહારાજને કર્તાહર્તા ભૂલવા જ નહીં. સદાય એને કર્તાહર્તા માનીએ, તો ક્યારેય પણ બરાબર કાંઈ નથી એવું લાગે જ નહીં. લાગે છે? એટલે આપણી કંઈક કચાશ છે. ને કચાશ હોય તો

શું વાંધો છે ? ભગવાન આપણું પૂર્ણ કરવાના છે. આપણા ભગવાને કહ્યું છે. પૂર્ણતાનો આનંદ આપણે નથી કરવાનો પણ પૂર્ણ મળ્યા છે ને પૂર્ણ કર્યા વગર રહેવાના નથી એનો આનંદ છે. આવા પપ્પા મળ્યા! ને એમણે આપણને પોતાના આવા સાધનામંદિરમાં પ્રવેશ આપ્યો ને આપણા ચૈતન્યને અનુરૂપ સદ્‌ગુરુ સંતનો આપણને આશરો આપી દીધો. જે આપણું જતન કરે છે. પપ્પાજી આપણા માટે દુર્લભ હતા. હવે તે આખા સમાજને સુલભ થઈ ગયા. દરેક ચૈતન્યનું એણે રખોપું કર્યુ છે. પછી એ ત્યાગી છે કે ગૃહસ્થ છે. આપણે જોઈએ છીએ કે ગૃહસ્થો પણ પરમ ભાગવત સંત છે. આપણે જે પપ્પાજી કાકાજીને સેવીએ છીએ તે ગૃહસ્થ પરમ ભાગવત સંત અને જેના સંકલ્પમાં આટલી તાકાત કે એ ચૈતન્યોને સેવી શકે. આપણે કેવા બદલાતા જઈએ છીએ ! આપણાં ત્યાગી બહેનો, ત્યાગી ભાઈઓ, ત્યાગી સંતો ને કેવા કેવા આપણા ગૃહસ્થો છે જે ખરેખરા ચૈતન્ય મંદિરો છે. આખો આપણો સમાજ - સૌએ વચન પાળવાનું છે. કયું વચન છે ? ‘કોઈનું જોવાનું નહીં, માથાકૂટ કરવાની નહીં.’ સરળ જ વાત છે. પ્રાપ્તિ માટે એ જ એક સાધન છે. ક્યારે પણ કોઈનું ઘસાતું બોલવું નહીં. વિચારમાં તો આવે જ નહીં. પણ વિચારવું જ છે તો પપ્પાજીના, મહારાજના વચનામૃત, સ્વામીની વાતોના શબ્દો, સ્વરૂપોના શબ્દો એ આપણે ના વિચારીએ ! તો આવા કોઈના ઘસારાના વિચારો વિચારીને આપણે આપણા મગજને ડસ્ટબીન બનાવી દઈએ ? આપણે પોઝીટીવ જ વિચારવું છે. આજે તો અખાત્રીજ છે. અખાત્રીજ એટલે વણ જોયુ મુહૂર્ત આપણે બધા વણજોયા છીએ. આપણી અંદર આપણા ભગવાન વણજોયે પ્રવેશી ગયા છે. અને પોતાને જેવા બનાવવા હતા એવા એ બનાવી ગયા. આજે વિચાર કરીએ કે આપણને તો બસ ઉત્સવનો આનંદ છે, ઉમંગ છે, ઉત્સાહ છે ને રોજ આપણે તો ઉત્સવ. શેનો ઉત્સવ ? પ્રાપ્તિ કોની થઈ છે ! એ કેફ, કાંટો ને મસ્તી. પપ્પાજીએ એટલું બધું સરસ લખ્યું છે કે ‘હું કોઈપણ સંજોગોમાં કે પ્રસંગોમાં મૂંઝવણ, વિક્ષેપ કે અભાવમાં જઈ જ શકતો નથી. ને જઉં તો તરત જ એક મિનિટમાં પ્રાપ્તિના કેફમાં જે તે પ્રકારે આવી જ જઉં છું. ને બ્રહ્માનંદની મસ્તી માણ્યા કરું છું...’ કેવું છે ! ‘જોગીબાપા મળ્યા તે દિવસથી પપ્પાજીએ જે શ્વાસ લીધો હશે તે અંતિમ શ્વાસ સુધી એ પ્રાપ્તિનો કેફ એમને હતો. ક્યારેય પણ પપ્પાજીના મોઢે કોઈપણ પ્રકારની મોળી, ઢીલી, ન ફાવે એવી, ન ગમે એવી વાત ક્યારેય સાંભળી નથી. ‘હું તો દાસનો દાસ’ એમ વર્ત્યા છે. અને દાસના દાસ એટલે શું ? પ્રત્યેક ચૈતન્યનું દર્શન હોવા છતાં પણ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પમાં ભળે અને એ ચૈતન્યનું જતન કરે એ દાસનો દાસ કહેવાય. આપણે એવા દાસના દાસ થવું છે. આપણે પણ આપણી આધ્યાત્મિકતામાં નિત ઉમેરો કરવો છે. એકાંતિક બનવું જ છે. પપ્પાજીની કૃપાથી આપણે આગળ જઈ રહ્યા છીએ. એ પ્રસંગો ગોઠવે છે, બળ આપે છે, પસાર કરે છે. એવા આપણા ભગવાન છે. ઘરે હોય કે જ્યોતમાં પણ બધાંયને માટે એક જ એ સંકલ્પ કે બધાંને એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય. એ જ સંકલ્પે પપ્પાજી ઘરોઘર બિરાજમાન છે અને શક્તિ આપે છે, સાથે રહે છે કે ‘હું સદાય તમારી સાથે છું.’ એવું વચન આપ્યું અને પાળે છે. આપણને હંમેશા લાગે છે કે પપ્પાજી આપણી સાથે છે. એટલે એક નિશ્ચિંતતા તો છે પણ નિર્ભયતા છે કે બધા થકી મારી રક્ષા થશે. અને મારી મારા થકી પણ રક્ષા કરશે એવો પ્રભુ આપણને સૌને મળ્યો છે. બસ બીજી એક વાત. આજે ૧૪મી મે છે. તારદેવના સાધનામંદિરમાં અમારો છેલ્લો દિવસ હતો એ. આજે રાતની ટ્રેનમાં નીકળ્યા’તા. ૧૫ની સવારે અમે આણંદ સ્ટેશને ઉતર્યા’તા. એ તારદેવ સાધનામંદિરમાંથી આજે અમે પ્રયાણ કરેલું. એ અમારો આજનો ભવ્ય દિવસ છે. ૧૯૬૬ની સાલમાં સાધક બહેનો તા.૧૪મી મેના તારદેવ મુંબઈથી નીકળી તા.૧૫મીમેના વિદ્યાનગર આવ્યા તે સ્મૃતિઓ પ.પૂ.દીદીએ તાજી કરાવી અને એકાંતિકપણું સિદ્ધ કરવાના આશિષ આપ્યા. બસ આપણે બધા સાથે હતા. એવા ને એવા અત્યારે

આપણે બધા સાથે જ છીએ. દૂર તો કેવી રીતે જઈ શકીએ ? સંધાન – એકબીજાને જે સાંધ્યા છે ને એવા મજબૂત દોરાથી બાંધ્યા છે આત્મબુદ્ધિને પ્રીતિના મજબૂત દોરાથી આપણે સંધાયેલા છીએ. બસ. એવા સંધાયેલા આપણે ક્યારેય જુદાં હતા જ નહીં. ને જુદાં, નોખાં થઈ જ નહીં શકીએ. સાથે છીએ, સાથે રહેવાના છીએ. અહીંયા પણ ને ધામમાં પણ. આપ સૌને અખાત્રીજના ભાવ નીતરતા પાયલાગણ સહ જય સ્વામિનારાયણ.

**પ.પૂ.દેવીબેન :** આજે અખાત્રીજનો ભવ્ય દિન. પ.પૂ.પપ્પાજી ભારત પધાર્યા ત્યારે યોગીજીમહારાજનાં દર્શન કરવા આણંદ પધારેલા ત્યારે કાકાજીએ કહ્યું તમે જાવ છો તો બાપાને આ બે પ્રશ્નો પૂછતા આવજો કે ક્યારે કામ પૂરું થશે ? તો યોગીજીમહારાજે આશીર્વાદ આપીને કહ્યું, 'જાવ આવતી અખાત્રીજે પૂરું થઈ જશે.' એ આ ભવ્ય દિન.



આપણે સંબંધવાળા મુક્તોના સ્વભાવ, પ્રકૃતિ જોવા જ નથી. સૌ પ્રગતિ કરતા જ ચૈતન્યો છે. કર્તા ને હર્તા પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજી જ છે. એવું માની ને આપણે પપ્પાજી... સ્વામિનારાયણ... ભજન કર્યા જ કરવું છે. જેથી આ કોવિડમાં જે ભક્તો રીબાય છે તે કોવિડ આપણા દેશમાંથી ને દુનિયામાંથી જ જતો રહે. અને સર્વેને શાંતિ શાંતિ થઈ જાય એવું આપણે ભજન કરવું છે. તેવું ભજન કરવાનું પ્રત્યક્ષ સ્વરૂપો ખૂબ બળ આપે તેવી અંતરથી તેમને પ્રાર્થના છે. સૌ બહેનો, સૌ સ્વરૂપો વતી, પૂ.દીદીબા, પૂ.દેવીબેન, પૂ.જસુબા તરફથી સૌને જય સ્વામિનારાયણ.

**પ.પૂ.જસુબેન :** આજે અખાત્રીજની સ્મૃતિ આપણને કેટલી યાદ છે ! પપ્પાજી બાપા પાસે ગયા ને જે કાંઈ પૂછ્યું એના બાપાએ જવાબ દીધા. એકેએક બાપાની સ્મૃતિ ટાણે ટાણે જરૂર પડી ત્યારે પપ્પાજીએ વાગોળી. એ પ્રમાણે આપણે આજથી વચન લઈને જીવવું છે. પપ્પાજીનું વચન કયું ? બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું એ જ આત્યાંતિક કલ્યાણ. આ હેતુ લઈને પૃથ્વી પર આવ્યા. આપણા માટે એ પુરુષોત્તમનારાયણ ! પપ્પાજીના જીવનમાં કાંઈ પણ બન્યું કે બાપાને સંભાર્યા ને તરત બાપાએ જવાબ આપ્યો. એવું આપણે પપ્પાજીને સંભારીએ, તેમના વચનને સંભારીએ. બ્રહ્મરૂપ થવા આપણે આવ્યા છીએ. તે માટે પપ્પાજીનો સિદ્ધાંત – આ મોટેરાં આપણા માટે ભગવાન છે. તેમના વચનને પ્રેક્ટીકલ કરતા જઈએ એમ એમ આપણને દેખાતું જાય, આગળ જતા જઈએ, દોષ કબૂલ કરતા જઈએ. જ્યાં સુધી દોષ કબૂલ ન થાય ત્યાં સુધી સ્મૃતિ છે પણ સમાગમ નથી, કાં આપણે પ્રેક્ટીકલ કરતા નથી, કાં આપણને ઉતાવળ નથી. એ બધું ચાલ્યા કરે છે. પણ બધા પ્રગતિ કરતા ચૈતન્યો છે.



આપણે નસીબદાર કે દોષ દેખાડનારા આપ્યા! કોઈ તમારો દોષ દેખાડે કે તરત જ પોઝીટીવ થીંકીંગ કરી કબૂલ રાખો. કબૂલ ક્યારે કહેવાય કે પપ્પાજીને પ્રાર્થના કરીએ કે મારો આ દોષ તમે ટાળી દ્યો. ગદ્‌ગદ્ કંઠે સતત એવી પ્રાર્થના ચાલુ હોય ને ટળી જાય ત્યારે આપણે હળવાફુલ થતા જઈએ. તેમ આપણે છેક સુધી સમાગમ ને સેવા કરવી. મુખ્ય તો સેવા કે જેનાથી આપણને ખૂબ બળ મળી જાય. મોટેરા બધા જ સેવામાં મંડ્યા છે કે કોઈને કાંઈ તકલીફ નથી ને ! ચોવીસ કલાક એનું ચિંતવન ને એની પાછળ પ્રાર્થના ને ભજન. આપણે એટલું જ યાદ રાખીએ કે કોઈ મારી સામે આવ્યું એ કોણ મને પ્રભુનું સ્વરૂપ નથી મનાતું? એકવાર પપ્પાજીએ મને લખી આપેલું કે, મારે ભગવાન નથી થવું. ભક્તના યે ભક્ત થવું છે. અઘરામાં અઘરું હોય તો ભક્તના ભક્ત થવું. આપણાથી જે મોટા હોય એનું કહ્યું કરી એને રાજી કરી લેવા છે. નાના મોટા સૌમાં પ્રભુ જોવા અને એને

મહારાજનું સ્વરૂપ માનવું તે બહુ અઘરી વાત છે. એ ન મનાય તો પ્રાર્થના કરીએ. પણ સામે આવનારને જીવનમુક્ત માનો જ. આપણી પ્રકૃતિ, રીત, અંગ એના કરતા જુદા હોય તો ય એમાં મહારાજ જોવા. નથી ગમતું એ નોંધો. અને પપ્પાને પ્રાર્થના કરો. એ દોષ દેખાડશે, જવાબ આપશે, સૂઝ પાડે તેવા પપ્પાજી ને સ્વરૂપો છે. આપણે ખૂબ નસીબદાર કે આ જોગમાં આપણે આવી ગયા. ઉઠીને પ્રાર્થના કરવી કે 'હે મહારાજ ! મારે કોઈનાય સ્વભાવ, પ્રકૃતિ નથી જોવા. કેમ કે બધા જ પ્રગતિ કરતા ચૈતન્યો છે.' આ બહુ સહેલું છે પણ આપણે ટેવ પાડવાની છે. એવી ટેવ પાડવાનું આપણને પપ્પાજી ખૂબ બળ આપી દે એ જ એમના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ.પદુબેન : બધાં બહેનો અને હરિભક્તોની તબિયત સારી રહે તે માટે આપણે દિલથી પ્રાર્થના કરીએ. સુહૃદભાવની ભક્તિનું ફળ ખૂબ મોટું હોય છે.



ભક્તના ભક્ત થાય તેના મહારાજ દાસ થાય. આખો આપણો સત્સંગ, આપણી સાધના આ સૂત્ર પર છે. પપ્પાજી કહે છે કે જ્યારે મારા ભક્તોમાં હું વ્યાપક સ્વરૂપે કામ કરું ત્યારે તમે જો એમાં દિવ્યભાવ રાખો, મારું દર્શન કરો તો જેવું જોઈએ તેવું રૂપાંતર થાય, અહંકાર નિર્મૂળ થાય. પપ્પાજીની જે ચેલેન્જ હતી કે ગુણાતીત સ્વરૂપ ત્રણ વર્ષમાં થઈ જશો. તે થઈ જવાય. ભક્તના ભક્ત એટલે ભક્ત ગમે તે વર્તે, ગમે તે કરે, એમના વિષે કોઈ અભિપ્રાય આપણા અંતરમાં ન હોય. કદાચ કાંઈક પસાર થઈ જાય તો સાચા દિલે પરિતાપ કરીને માફી માગીએ. પરિતાપનું ભજન કરીએ, આપણા મન-બુદ્ધિની તપાસ રાખીએ તો એ અભિપ્રાય, પૂર્વગ્રહ ટળે જ. આપણી સાધનામાં નાનામાં નાના મુક્ત માટે કોઈ વિચાર આવી જાય ત્યાં દાઝ રાખીને પ્રાર્થના કરીએ તો જ પપ્પાજીના આ આશીર્વાદ આપણા જીવનમાં સાકાર થાય.

ભગવાન દાસ થાય એટલે એ આપણા સંકલ્પ, મનોરથ પ્રમાણે કામ કરે એવા દાસ નહીં. ભગવાન આપણામાં અખંડ નિવાસ કરીને રહે તેવું આપણું તંત્ર શુદ્ધ કરવાનું. જેમાં દિવ્યભાવ ને માહાત્મ્ય સિવાય બીજા કોઈ વિચાર ન હોય. મનમુખી સંકલ્પ કે અભિપ્રાય નહીં. તો ચીડ-ગુસ્સાની તો વાત જ ક્યાં? વિચારમાં જો કડકાઈ રાખીએ તો વાણી કે વર્તન સુધી તો એ વાત પહોંચે જ નહીં. આવી જાગ્રતતાથી સાધક લઈ મંડે તો મહારાજ દાસ થાય. ભગવાનના અંતરમાંથી આશીર્વાદ નીકળી જાય. આપણા સંકલ્પ, ભાવ ને ક્રિયાથી આપણા ગુરુહરિને વિશ્વાસ બેસે ને એ રાજી થઈ જાય ત્યારે આપણામાં એવી સામર્થિ આવે. આપણે તો પ્યોર શુદ્ધ ચૈતન્ય થવા માટે પપ્પાજી પાસે આવ્યા છીએ. સામેનો મુકત ગમે તેવું બોલે કે વર્તે ને આપણે સ્મિતથી જવાબ આપી શકીએ ત્યારે માનવું કે આપણે ગુણાતીત થવાના રસ્તે છીએ.

પપ્પાજીને જોઈએ તો કેટલા બધા આપણા દાસ થઈને જીવ્યા ! કેટલું એમને દર્શન હતું તો પણ આપણી સાથેનો વ્યવહાર એમનો બદલાયો નથી. છેલ્લા શ્વાસ સુધી એમણે સેવા જ કરી છે. આપણે જે કંઈ કહ્યું હોય તે દિલથી સ્વીકાર્યું છે. મુક્તોમાં જોગીનું દર્શન કરીને એને રાજી કરવાની, સેવા કરવાની એક જ ભાવના પપ્પાજીને હતી. દરેક બાબતમાં હું કાંઈ નથી ને મારે જ કરવાનું બાકી છે તેવી ભાવના રાખીને આપણે જીવીએ. ગુરુહરિ ને ગુરુ પાસે છેક સુધી દાસત્વભક્તિ રાખીએ. એમણે સંકલ્પ, ધૂન, ભજનથી જતન કર્યું છે. આપણે તો દેહભાવયુક્ત જ હતાં. આ મોટેરા પાસે તો 'હું કાંઈક છું' તેવો ભાવ લવાય જ નહીં. તેમને માટે મહિમાનો ભાવ, અહોહોભાવ, રાંકભાવ, પૂજ્યભાવ ગુરુઓ માટે આપણા અંતરમાં સતત રાખવાની જાગ્રતતા રાખીએ તો પપ્પાજી આપણને વરણીય થઈ જ જાય. એવા આત્માના સુખે આપણે સૌ સુખિયા થઈએ એવો બુદ્ધિયોગ આપે એ જ પ્રાર્થના.

આ આશિષને વાગોળીને જીવનમાં ઉતારવાનું બળ મળે એ જ સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

## ★ અનન્ય દિવ્ય ભક્તરાજ પરમ પૂજ્ય મલકાની અંકલને હૃદયભાવ ભીની શ્રદ્ધાંજલિ



પૂ.મલકાની અંકલ સર્વે ગુણાતીત સ્વરૂપોના આતમમાં વિશિષ્ટ સ્થાન લઈને, પ્રત્યેક પળે 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરીને, છતીંદેહે અક્ષરધામનું સુખ ભોગવતા રહીને, ૯મી મે ના વહેલી સવારે છ વાગે પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરીને શ્રીજી શરણે બિરાજમાન થયા છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજને પહેલી જૂન ૧૯૫૨માં વચનામૃત ગ. પ્ર. ૭૧મું સમજાવીને, પ્રત્યેક પળનો સાક્ષાત્કાર કરાવીને, દિવ્ય ગુણાતીત સમાજની સ્થાપના કરવાની અંતઃપ્રેરણા જગાડી દીધી. ચાર પાંખાળો ગુણાતીત સમાજ સર્જીને જેમાં ગૃહસ્થ પરમ એકાંતિક ભક્તોને સંકલ્પ પ્રાર્થનાથી અને પપ્પાજી પણ ગૃહસ્થ હોઈ વર્તનથી જ જ્ઞાન પ્રસારીને પૂ.મલકાની અંકલને ભગતજી મહારાજની કક્ષાના ગૃહસ્થ તૈયાર કર્યા છે.

ભારત દેશની રાજધાની દિલ્હીમાં રહેનાર અને ખૂબ ધનવાન અને દેશ-પરદેશ ધંધા વેપાર અર્થે જીવન પસાર કરનાર પૂ.ઈન્દ્રુ મલકાની સાહેબ જ્યારે 'પ્રત્યક્ષના' સત્સંગના જોગમાં આવ્યા, પ્ર.બ્ર.સ્વ.કાકાજીનાં એકવાર જ દર્શન કર્યા તેમાં તેમને આ સમાજ વિશે વિશેષ દિવ્ય ગુણદર્શન થયું.

૧૯૮૬માં કાકાશ્રી અક્ષરધામ સિધાવ્યા પછી દિલ્હીમાં પૂ.મુકુંદજીવન સ્વામીજી(ગુરુજી)નો સેવા સમાગમનો અલભ્ય જોગ પ્રાપ્ત થયો.

૧૯૮૬માં તેઓ પ્રથમવાર વિદ્યાનગર પધાર્યા અને ગુરુહરિ પપ્પાજીનાં દર્શન કર્યા અને ત્યારે જ્યોતમાં જે બ્રહ્મસૂત્રો મૂકયા હતા તેમાં 'Do what Guru says or die' એ સૂત્ર તેમના હૃદય સોંસરવું ઉતરી ગયું અને પપ્પાજીની સરળતા, સહજતા અને દિવ્યતા એમના રોમેરોમમાં સ્પર્શી ગઈ. પપ્પાજી જીવમાં બેસી ગયા ને તેઓ પરમ ભક્ત બની ગયા.

દિલ્હીમાં યોગીજીમહારાજની દિવ્ય ઈચ્છા અનુસાર પ્રથમ શિખરબંધ મંદિર પ.પૂ.કાકાશ્રીની હૃદયભાવનાથી બની રહ્યું હતું. તેમાં તેઓ ગુરુજીની સાથે તેમની આજ્ઞા પ્રમાણે સેવા ભક્તિમાં તન, મન, ધનથી ખોવાઈ ગયા. પૂર્ણ સમર્પણ કરીને આધ્યાત્મિક પ્રગતિના સોપાન ઝડપભેર ચડી ગયા. જીવનમાં ધંધા વેપારમાં, તનની અનેક બીમારીઓમાં, વ્યવહારમાં કે કુટુંબીઓમાં, સંબંધીઓમાં અનેક ચડાવ-ઉતાર આવ્યા પણ સર્વે ગુણાતીત સ્વરૂપોને કદીયે ફરિયાદ નથી કરી કે તે સરસ કરી આપો તેવી માગણી નથી કરી.

જેમ જેમ ગુણાતીત સ્વરૂપોનો, ગુણાતીત સમાજનો જોગ થતો ગયો અને પપ્પાજીને ગુરુહરિ તરીકે જીવનમાં સ્થાન આપીને મલકાની અંકલ 'મુક્તોમાં મહારાજનો ભાવ' રાખીને જીવન જીવતા થયા. ખૂબ વ્યવહારિક, સમજુ, બુદ્ધિશાળી અને ચકોર હોવા છતાંય 'કર્તાહર્તા ભગવાન જ છે' તે પપ્પાજીનું વચન 'મુક્તાક્ષર પુરુષોત્તમની જય' ખૂબ જાગ્રતતાપૂર્વક પોતાના આચરણમાં મૂકીને સમાજમાં અદનામાં અદના સંબંધવાળાનું ખૂબ માહાત્મ્ય સમજી તેમની યથાયોગ્ય સેવા ભક્તિ કરી લીધી. તો ગૃહસ્થ જીવનના સર્વે સ્વધર્મો બજાવ્યાં છતાંયે છતીંદેહે અક્ષરધામનું સુખ ભોગવતા થયા.

ગૃહસ્થાશ્રમ નામનો જ રહ્યો અને સ્વરૂપોની આજ્ઞા અનુસાર મૂર્તિની સ્મૃતિ અને દાસત્વભક્તિમાં આનંદસભર રહેતા થઈ ગયા. તેવા પૂ.મલકાની અંકલને પપ્પાજી 'અંકલ' નામે બોલાવતા. દાદુકાકાજીની સ્મૃતિ અને હૃદયમાં કાકાજી જેવો મહિમા પપ્પાજીને અખંડ રહેતો.

પપ્પાજીએ તેમના દિલ્હી - 'સ્વામિનારાયણ ફાર્મ'માં ગુણાતીત જ્યોત પરિવારના સાધક બહેનો, ભાઈઓ, ગૃહસ્થોની શિબિર વારંવાર યોજીને તેમની પાસે આવી અનન્ય વિધવિધ સેવાઓ કરાવીને પપ્પાજીએ પોતાના

દર્શન-સાંનિધ્ય અને સુખથી સભર કરી દીધાં. તેઓ મૂર્તિસભર હોઈ, જ્ઞાનની ક્યાં જરૂર છે? સાધક તરીકે પ્રત્યેક પળે જાગ્રત રહેતા અને અખંડ ભજનિક બનીને, સર્વોપરી નિષ્ઠાથી જીવીને ગુણાતીત સમાજમાં આદર્શ સાધક, ગૃહસ્થ ભક્ત બની રહ્યા ! ગુણાતીત સમાજના પ્રત્યેક મંદિરોમાં 'હું મંદિરનો ને મંદિર મારું' એવી ભાવનાથી, દાસત્વભાવથી વર્તન કરીને અક્ષરધામનું સુખ ભોગવતા થઈ ગયા. 'સ્વામીની વાત'માં લખ્યું છે તેમ એવા ભક્તના દર્શનને ભગવાન પણ ઝંખે છે. તેથી તેઓ ૮૧ વર્ષની પૃથ્વી પરની તેમની આયુમાં, સાધના પૂર્ણ કરીને શ્રીજીમહારાજ અને સર્વે સ્વરૂપો સંગે સુખે સુખે બિરાજી ગયા. હૃદયરોગનો હુમલો આવ્યો ને તે જ પળે પાર્થિવ દેહ છૂટી ગયો તેવું અલભ્ય મૃત્યુ પણ કોઈક નસીબદારને જ પ્રાપ્ત થાય છે !

તેમના આદર્શ જીવનમાંથી સૌ સાધકો, સંતો અને ગૃહસ્થોને પ્રેરણા મળશે અને તેઓના જીવનકવનનું સ્મરણ ગુણાતીત સમાજ, ગુણાતીત જ્યોતમાં સૌના હૃદયે અમર રહેશે અને તેમના જવાથી સમાજમાં જે ખોટ અનુભવાઈ છે તે કદીયે પૂર્ણ નહીં થાય.

સૌ પ્રગટ, પ્રત્યક્ષ સ્વરૂપો અને તેમના સદ્‌ગુરુઓના ચરણે પ્રાર્થના કે તેમનાં પત્ની પણ એકાંતિક એવા પૂ.શીલાઆન્ટી અને દીકરાઓ જે અક્ષરમુક્ત છે તે પૂ.અજયભાઈ, પૂ.સુષ્માબેન, પૂ.વૈભવભાઈ, પૂ.વિવેકભાઈ પૂ.વિકાસભાઈ, પૂ.વિનયભાઈ, પૂ.આકાશભાઈ ને સૌને આ આઘાત સહન કરવાનું બળ મળે અને તેઓ પણ તેમની જેમ પ્રત્યક્ષનો સત્સંગ અને સેવાભક્તિ નિષ્ઠાથી નિરંતર કર્યા જ કરે તેવી અભ્યર્થના.

**★ મૂળ ફાંગણી (જી.આણંદ), હાલ સાજાપુર (ઈન્દોર) નિવાસી પૂ.કૈલાસબેન પ્રભુદાસભાઈ ગજ્જર તા.૨૦.૪.૨૦૨૧ના રોજ ટૂંકી બીમારીમાં અક્ષરધામ નિવાસી થયાં છે.**

ખૂબ જ ભક્તિભાવવાળા અને સેવાભાવી, જપયજ્ઞમાં અખંડ શ્રધ્ધા ધરાવનાર અને પ.પૂ.જસુબેનને અંતરથી ચૈતન્ય જનની માની અને ગુરુહરિ પપ્પાજીમાં પ્રભુનો જ ભાવ રાખી, પરિવારના દરેક પ્રસંગે સફળતા



મેળવવા કેવળ પ્રાર્થનાનો ઉપાય તેમણે લીધો છે. તેમના પતિને મોટી બીમારીમાંથી પણ શ્રધ્ધાપૂર્વકની પ્રાર્થનાથી સાજા કર્યા. સંતો કે બહેનો કોઈની પણ સેવા હોય તો દિલથી કરી લેતા. સ્ટેશન પરથી ટ્રેન પસાર થવાની હોય ને ખબર પડે કે આ ટ્રેનમાં જ્યોતની બહેનો છે તો રસોઈ, પાણી અને સવારનો નાસ્તો બધું લઈ પરિવાર સાથે સ્ટેશને પહોંચી જાય. ધન્ય છે એવા સેવાભાવી ગૃહસ્થ કૈલાસબેનને કે જેમણે સમગ્ર પરિવારને પણ ભક્તિ વારસામાં આપી.

અમારા શત શત વંદનરૂપી અંજલિ તેમના ચરણે ધરીએ છીએ.

**★ મોરબીના પૂ.દેવરાજભાઈ કાળુભાઈ અઘારા કે જેઓ સમગ્ર મોરબીમાં ડી.કે.ના નામથી પ્રખ્યાત હતા. તેઓ તા.૨૧.૪.૨૦૨૧ શ્રીહરિ જયંતીના મહામંગલકારી દિને શ્રીહરિ અને ગુરુહરિ પપ્પાજીના ચરણે બિરાજમાન થયા.**

પૂ.દેવરાજભાઈ તેમના પરમ મિત્ર પૂ.લક્ષ્મણભાઈ ડોરીના યોગે કરીને સત્સંગમાં પ્રવેશ્યા. પ.પૂ.જસુબેનની દૃષ્ટિમાં આવતાં જ ગુરુહરિ પપ્પાજીના અતિ ભવ્ય



કાર્યનો મહિમા સમજ્યા. અનેક સ્થાનોમાં મંદિરોમાં, આશ્રમોમાં ગયા હતા ને તે સ્થાનો કરતા આ સ્થાનની કોઈક જુદી જ વિશેષતા છે તે વાત તેમના બુદ્ધિશાળી દિમાગમાં અનુભવાઈ.

પોતાના અંતરની વાતો કરી, શાતા પામવા માટેનું આ સ્વરૂપ અને આ સ્થાન છે તે ગેડ બેસી ગઈ. નાનપણથી અનેક યાતનાઓ ભોગવી, શૂન્યમાંથી શરૂઆત કરી. સ્વબળે, સ્વ પ્રયત્ને એન્જીનીયર બની, દેશ-પરદેશમાં ભણી, મોરબીમાં ફેક્ટરી ખોલી ધનવાન અને પ્રતિષ્ઠિતની હરોળમાં

સ્થાન પામ્યા.

પોતે ખૂબ મોભાવાળા હતા પણ સત્સંગ મળતા, નિર્માની થઈ દિલથી, માહાત્મ્યથી જ્યોતની સેવા કરી. એક નિષ્ઠાથી જીવ્યા. સેવામાં ચોક્કસાઈ અને ચીવટાઈ રાખી ને બંને મિત્રોએ ખભે ખભા મિલાવી સેવા કરી લીધી. બહેનો જ્યોતમાં પ્રભુ પામવાની સાધના કરે છે! તો એમના માટે શું કરીએ તો મદદરૂપ થવાય ? તે વિચારી, પોતાના સ્ટેટસ કે કશાયની પરવા કર્યા વિના, ગરજુ થઈ, રાંકભાવે સેવા કરી લીધી.

પૂ.જસુબેનમાંથી શું આવે છે ? તે તરફ હંમેશા નજર રાખી અને પોતાને થયેલા અનુભવોને પોતાના પરિવારમાં વહેંચ્યા. સૌને પોતે જે ભક્તિ કરતા હતા તે જ જીવનમાં પૈસાથી પણ અધિક મૂલ્યવાન છે તેની ગેડ જીવમાં બેસાડી અને સંતાનોને વારસામાં તે આપતા ગયા.

તેમની અત્યંત મહિમાભરી, નિર્માનીભાવે, નિસ્વાર્થભાવે અને નિષ્કામપણે કરેલી સેવાને ધન્ય છે. શ્રીહરિ જયંતીના આ પવિત્રદિને તેમને શ્રીહરિએ પોતાના ચરણમાં સ્થાન આપ્યું. મૃત્યુ માંગલ્ય બન્યું. આવા મહામુક્તરાજ દેવરાજભાઈને અનંત વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ.

આવા દિવ્ય આત્માના સત્કર્મોની દિવ્ય સુવાસ પરિવારજનોના માનસપટ પર અંકિત રહે ને સદાય તેમના ગુણોની સ્મૃતિથી આનંદિત રહેવાનું પ્રભુ બળ આપે એ જ અભ્યર્થના.

**★ અમદાવાદ નિવાસી પૂ.કેતનભાઈ ગણપતભાઈ મિસ્ત્રી ટૂંકી બીમારીને અંતે તા.૨૨.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.કેતનભાઈ એ વડોદરા નિવાસી પૂ.રૂક્ષ્મણીબેન અને પૂ.મફતભાઈ મિસ્ત્રીના જમાઈ થાય. કેતનભાઈને ગુણાતીત જ્યોતનો સંપર્ક તેમના ધર્મપત્ની પૂ.પન્નાબેન થકી થયો. વિદ્યાનગર વસતાં પૂ.ભાવનાબેન અને પૂ.રાજુભાઈ મિસ્ત્રીના સાથ સહયોગથી સત્સંગ વધુ દૃઢ થયો. પોતાના બંને દીકરાઓને – પૂ.પ્રશાંતભાઈ, પૂ.સુપ્રીતભાઈને સત્સંગની યુવક શિબિરોમાં મોકલતા થયા.

પરિવારમાં પ.પૂ.જસુબેનનું જતન પ્રાપ્ત થતું. ટાણે ભક્તિ – પ્રાર્થનાથી પ્રસંગો ઉકેલતા. પૂ.કેતનભાઈ હંમેશા હાસ્ય રેલાવતા અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ અડગ રહેતા. તેમના પરિવારને ખૂબ જ બળ મળે તેવી પ્રાર્થના.

**★ સજનપર, જી. મોરબીના પૂ.મહેશભાઈ ઉર્ફે પ્રકાશભાઈ નાગજીભાઈ સવસાણી (હાલ અમદાવાદ) તા. ૨૪.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.મહેશભાઈની દીકરી ઝરણાના લગ્ન અ.નિ. લક્ષ્મણબાપા ડોરીના પરિવારમાં પૂ.હાર્દિકભાઈ સાથે થતાં ગુણાતીત જ્યોત, ગુરુહરિ પપ્પાજી અને સદ્‌ગુરુ પ.પૂ. જસુબેન સાથે યોગ થયો. પૂ.મહેશભાઈ અને પૂ.પ્રભાબેન બંને મુમુક્ષુ જીવ તેથી તેમનો આતમા જાગ્રત થઈ ગયો. તેઓ વારંવાર જ્યોતમાં પધારતા. 'ગુરુહરિ પપ્પાજીનાં કાર્યમાં ભળીશ તો તેમનો રાજીપો અંતરથી મળશે' તે વિચારે, પૂ.લક્ષ્મણબાપાના વચને સેવા કરવાનું, સમૈયામાં પધારી લાભ લેવાનું જીવનના અંત સુધી કર્યું.

દર પૂનમનાં દિવસે શાશ્વતધામ પર પ્રદક્ષિણા કરવા વહેલી સવારે અમદાવાદથી આવી, પ્રભુકૃપામાં દર્શન કરી, કથાવાર્તાનો લાભ લઈ પ.પૂ.જસુબેનના દર્શનનો લાભ લેતાં. અંતરમાં રહેતું કે, સાચી ભક્તિ કરવી જ છે ને ગુરુહરિ પપ્પાજીના સિદ્ધાંતે જીવવું જ છે તે માટેના માર્ગદર્શનની હંમેશા ખેવના રાખતા. પરિવારમાં પત્ની પ્રભાબેન, દીકરા પાર્થભાઈ, પુત્રવધુ અને બંને દીકરીઓને વારસામાં ભક્તિનાં ગુણ અર્પ્યા. એવા મહેશભાઈને અનંત વંદન સહ હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ. તેમના પરિવારને આઘાત સહન કરવાનું પ્રભુ ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.

★ **ગુણાતીત પ્રકાશનાં ગૃહસ્થ વ્રતધારી છતાં જે કેવળ આજ્ઞાધારી સાધકની જેમ નિર્લેપ જીવન જીવ્યા તેવા છૂપા આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવનાર પૂ.અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ ડોરી તા.૨૭.૪.૨૦૨૧ના શ્રીહરિ અને ગુરુહરિ પપ્પાજીના ચરણે બિરાજી ગયા.**

પૂ.અશ્વિનભાઈનો જન્મ પણ એવા મહામંગલકારી દિને ૩જી ફેબ્રુઆરી, ૧૯૭૧ના દિને થયો. એ દિન ગુણાતીત સમાજમાં એક સુવર્ણ દિન છે કે જ્યારે બ્ર.સ્વ.પ.પૂ. કાકાશ્રી મહારાજને સાક્ષાત્કાર થયો હતો. તેવા પવિત્ર દિવસે ધરા પર જન્મ લીધો. પૂર્વના સાધુ હશે તેથી નાનપણથી જ ભક્તિભાવભર્યું જીવન. ચાર-પાંચ વર્ષની ઉંમરે સુરતમાં જ્યારે જ્યારે તેમના નિવાસે અઠવાડિક સભાનો વારો હોય ત્યારે પોતે જ સભાની બધી તૈયારી કરે. ભજનો, શ્લોક, આરતી, થાળ ને સ્વામીની વાતો બધુ કંઠસ્થ જ હોય. સભામાં પણ ખરા શ્રુત થઈને બેસતા જાણે કેટલુંય શ્રવણ કરી સમજી લઈ જીવનમાં ઉતારવાનું છે. પૂર્વે બાકી રહેલું આ જન્મે પૂરુ જ કરવું છે. તેવી ભાવના અંતરે સતત રાખતા.



ગુરુહરિ પ.પૂ.પપ્પાજીને પોતાના કલ્યાણદાતા ને અક્ષરધામરૂપ રહેતા કરનાર છે. અને તેમને ઓળખાવનાર 'ચૈતન્ય મા' પ.પૂ.જસુબા છે. એવી દઢતા રાખી જીવતાં તો બંનેના હૃદયમાં આગવું સ્થાન મળ્યું. આદર્શ જીવન જીવી સ્વરૂપોના અત્યંત લાડીલા બની રહ્યા.

મોરબી જ્યારે જ્યારે પ.પૂ.જસુબા જાય ત્યારે પણ એમના અંતરમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન સ્પેશ્યલ સભા ગોઠવી મેળવી જ લે. પૂ.જસુબેન પણ તેમનું અંતર વાંચી, પ્રત્યુત્તર આપતા હોય તેવા મિષ સાથેની પરાવાણી પ્રસાદ પીરસતાં.

પ.પૂ.પપ્પાજીને તો આવા મુમુક્ષુ જીવને પૃથ્વી પર લાવી, આગળનું પૂરુ કરવાના કાર્યને આગળ ધપાવવું એ જ ધ્યેય, ધ્યાન હોય. જેથી ૧૯૯૩માં સાંકરદા મુકામે 'ગુણાતીત પ્રકાશ'નું વ્રત યુવકોને આપ્યું તેમાં આ પૂર્વના સાધુને તેના અંતરની ઈચ્છાને વધાવી વ્રત આપ્યું. પૂ.અશ્વિનભાઈ એટલે પૂ.લક્ષ્મણબાપા ડોરીના એકના એક દીકરા. કુટુંબીઓની જે ભાવના હોય તેના આધારે પૂ.લક્ષ્મણબાપાએ પ.પૂ.પપ્પાજી પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. દયાળુ અને જેની પાસે દરેક ચૈતન્યને આગળ લેવાની આગવી રીતો છે તેવા પ.પૂ.પપ્પાજીએ કહ્યું, 'ભલે, આપણે અશ્વિનને પરણાવીશું.' પૂ.નીતાબેન ઓગણજા જે પણ પૂર્વના પ્રભુ સંબંધ પામેલાં તેની સાથે પરણાવવા માટે સ્વયં ગુરુહરિ પ.પૂ.પપ્પાજી, પ.પૂ.જસુબેન સાજ લઈ મોરબી પધારેલાં.

આજ્ઞાધારી ગૃહસ્થ સાધુ પૂ.અશ્વિનભાઈએ અંતરથી નિર્લેપ રહી, ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો બજાવ્યાં. ગુણાતીત સમાજને સુંદર, સેવાભાવી, માહાત્મ્યવાળા, વડીલોનો વારસો સાચવે તેવા ભક્તહૃદયી પરમભાઈ અને દિવ્યેશભાઈ, ઋષિપત્ની પૂ.નીતાબેન અને પુત્રવધુ ડૉ.દીશાની ભેટ આપી. પૂ.જસુબેન જેવા પુણ્યશાળી માતાની કુખે જન્મ લઈ માનું ગૌરવ વધાર્યું, પિતાશ્રીનું ખૂબ શોભાડ્યું.

પ્રભુએ કોરોનાને નિમિત્ત બનાવી બીમારી અર્પી. અશ્વિનભાઈની હૃદયની પ્રાર્થના હતી કે, 'હું પ્રભુને સમર્પિત છું. મેં તો મારું તન અને મન બધું પ્રભુને સોંપી દીધું છે. પ્રભુને જે કરવું હોય તે કરે. હું હવે શાશ્વતધામની સ્મૃતિમાં રહું છું.' આવા નિષ્કામી, વાસનારહિત આત્માને પ્રભુએ પોતાના ચરણમાં લઈ લીધા. પોતાનામાં સમાવી દીધા. અનંત વંદન છે પ્રભુનિષ્ઠ અશ્વિનભાઈને. તેઓને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ.

ધન્ય છે સમગ્ર ડોરી પરિવારને કે જેઓએ સંપ, સુહૃદભાવ, એકતાનો દાખલો બેસાડી, વડીલોએ પોતાની હૂંફમાં બધાને રાખ્યાં. ને સ્વતંત્રતા બક્ષી તો આજે બીજી પેઢી કાર્યરત રહી, પરિવારના સર્વ કાર્ય ઉથામે છે. છએ ભાઈઓ અને તેમના પરિવારને ધન્યવાદ છે. તેઓ સૌને સ્વરૂપોના અંતરના આશિષ, બળ પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સાથે ભાવાંજલિ.

**★ હાલ બારડોલી નિવાસી પૂ.મોહનભાઈ મગનભાઈ પારેખ - આહવાથી ઓળખાતા અક્ષરમુક્ત તા.૨૭.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

અ.નિ.મોહનભાઈનાં પત્ની જયશ્રીબેન જે સુરતમાં યુવતીમંડળમાં હતાં ત્યારથી સત્સંગમાં પધારતાં. પ.પૂ. જસુબેનને ગુરુ તરીકે સ્વીકારી કતારગામ મંડળમાં સત્સંગસભાનો લાભ લેતાં.



એમના દ્વારા મોહનભાઈને પણ પ.પૂ.પપ્પાજીમાં પ્રત્યક્ષ પ્રભુનો ભાવ થયો. આહવા સ્કૂલમાં તેઓ બધાં જ ૭૦૦ થી ૮૦૦ છાત્રોને દર રવિવારે સત્સંગ સભા કરાવતા. બાળકોને સ્વામિનારાયણ ભગવાન અને તેમના દ્વારા થયેલા સ્વરૂપો, ગુણાતીત જ્યોતના પ્રણેતા ગુરુહરિ પપ્પાજી અને સંત બહેનોનો પણ મહિમા ગાતાં. શિક્ષણ જ્ઞાન સાથે આધ્યાત્મિક જ્ઞાન પીરસતાં. રીટાયર્ડ થયા પછી બારડોલીમાં પણ સત્સંગની સદા ઝંખના રાખી, પ્રભુભક્તિ કરતા રહ્યાં. વારસામાં પરિવારને ભક્તિરસમાં લીન રહેવાનો સંદેશ આપી પ્રભુચરણે બિરાજમાન થયા. એવા મહામુક્તને અમારી ભાવભરી અંજલિ.

**★ ભાયાવદરના પૂ.રમેશભાઈ ફળદુ (હાલ કચ્છ) તા. ૨૭.૪.૨૦૨૧ના કોરોના સંક્રમણમાં અક્ષરનિવાસી થયા છે.**

પૂ.રમેશભાઈ પૂ.મૂળજીભાઈ ફળદુના સુપુત્ર થાય.



પૂ.મૂળજીબાપાને ચાર દીકરા. ચારેય દીકરાને તેમણે સત્સંગનો વારસો આપ્યો છે. પૂ.રમેશભાઈ ખૂબ નિષ્ઠાવાન. પ.પૂ.તારાબેનને ગુરુપદે રાખીને જીવનના બધાં જ કાર્યો કર્યા છે. પ.પૂ.પપ્પાજીનો સિદ્ધાંત બે જણા ભેગા મળી ત્રીજાની ખટપટ ન કરવી. આ વાક્ય રમેશભાઈએ સારધાર પાળ્યું છે. તેમનાં ધર્મપત્ની પૂ.ઉષાબેન પણ ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.તારાબેનની નિષ્ઠાનો કેફ રાખી સ્મૃતિસભર જીવે છે. રમેશભાઈ પોતે ભક્તિમય જીવન જીવીને આ ભક્તિનો વારસો તેમના પુત્ર પરાગભાઈ ને પુત્રવધુ એકતાબેનને પણ આપ્યો. તેમના એકના એક બહેન પૂ.મંજુબેન ફળદુ ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજી આદર્શ સંતનું જીવન જીવી રહ્યાં છે.

રમેશભાઈ કાયમ હસતા જ હોય ને અખંડ મંત્ર જાપ કર્યા કરે. ભજનો સાંભળે ને સ્મૃતિ કર્યા કરે. ભક્તિઉત્સવ વખતે સ્કૂલની સર્વિસ ચાલુ હોવા છતાં પણ અગાઉથી આવીને સિક્યોરીટીની સેવા બજાવી હતી. આવા નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવથી જીવન જીવનાર રમેશભાઈને કોટિ કોટિ વંદન.

**★ હાથીજણ અમદાવાદના પૂ.આનંદીબેન કનૈયાલાલ ભાવસાર તા.૧.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

તેઓ ઘાટલોડિયાવાળા પૂ.જ્યોત્સનાબેન પેન્ટરના (ભાવસાર) મામી થાય. તેઓ નિષ્ઠાવાન, ભક્તિભાવથી ભરપૂર ખૂબ જૂના સત્સંગી.



પૂ.આનંદીબેન ભલે આર્થિક રીતે સદ્ધર ન હતાં પણ વિશાળ દિલનાં અને સત્સંગ પરાયણ જીવન જીવતાં. જ્યોતનાં પ્રત્યેક સમૈયામાં હાજરી હોય જ. ખૂબ સેવાભાવી. જેટલી સેવા થાય તેટલી દેહે કરીને રાત સુધી કરે. ઉતારા પર જવાની પણ ઉતાવળ નહીં. બસ બધી સેવા પૂર્ણ થાય પછી જ આરામમાં જાય.

આનંદીબેન એવું માનતા કે ગુરુ પાસે જઈએ તો ખાલી હાથે ને ખાલી હૃદયે ન જવાય. તેથી યથાશક્તિ પોતાને જે ગમે તે જાતે ઘરેથી બનાવી લાવી પૂ.જસુબેનને ધરે. અને પૂ.જસુબેન પ.પૂ.પપ્પાજી પાસે જાતે લઈ જાય જેથી તેમને ક્ષોભ ના થાય. ગુરુહરિ પપ્પાજી પણ એટલા જ ભાવથી સ્વીકારે ને પ્રસન્નતા દર્શાવે.

આનંદીબેને તેમનો સત્સંગનો વારસો તેમના પરિવારમાં આપ્યો છે. તેવા અક્ષરમુક્તને ભાવાંજલિ અને પરિવારને ખૂબ બળ મળે તે માટે ગુરુહરિ પપ્પાજીના ચરણે પ્રાર્થના.

★ **માણાવદરના નિષ્ઠાવાન પૂ.કિશોરભાઈ રતનપરા તા.૨.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

બ્રહ્મસ્વરૂપ યોગીબાપાનું ગોકુળિયું ગામ માણાવદર. બ્રહ્મસ્વરૂપ કાકાજીને છડેચોક સાથ આપનાર જૂના જોગી



પૂ.દેવશીબાપાના કુટુંબમાંનું એક રત્ન એટલે પૂ.કિશોરભાઈ. તેઓ સ્વભાવે શાંત, સરળ અને રાંક પ્રકૃતિના હતાં. તેમના માતુશ્રી પૂ.નંદુબાના અક્ષરધામગમન વખતે પ.પૂ.બેને કિશોરભાઈને કહેલું કે ‘હું તારી દિવ્ય મા છું.’ એ દિવ્ય વચને પૂ.કિશોરભાઈને પ.પૂ.બેનમાં દિવ્યભાવ થયો. તેમણે નાનપણથી જ સ્વામિનારાયણ સત્સંગ હતો જ તેથી સંસ્કારના બીજ જન્મથી જ હતા. નાનપણથી જ ગુણાતીત સમાજના દરેક સમૈયા ઉત્સવમાં સર્વદેશીય રહી, મૌન રહી, ખૂબ માહાત્મ્યસભર સેવાઓ કરી, પુણ્યની કમાણી કરીને ગયા. તેમની સેવા-ભક્તિ ચિરંજીવ બની. તેમના ધર્મપત્ની પૂ.પુષ્પાબેન, પુત્ર પૂ.વિવેકભાઈ અને પૂત્રવધુ પૂ.સુરુચિબેનને સત્સંગનો વારસો આપીને ગયા. પૂ.કિશોરભાઈની ત્રણ બહેનો પૂ.સવિબેન, પૂ.વિજુબેન, પૂ.હંસાબેન હાલ ગુણાતીત જ્યોતમાં ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોના આશરે રહી ભગવાન ભજે છે.

પૂ.કિશોરભાઈ સત્સંગમય ને ભક્તિપ્રધાન જીવન જીવીને જીવતર ધન્ય કરીને ગયા. તેમના આખા સમર્પિત કુટુંબને કોટિ કોટિ વંદન.

★ **અનન્ય નિષ્ઠાવાન, સમર્પિત, અનેરા માહાત્મ્ય ને ભક્તિભાવથી ભરપુર પૂ.ભગવાનજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા તા.૩.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

ખૂબ શૂરવીર છતાં ખૂબ છૂપા, ભક્તિ અર્થે જ પૃથ્વી પર આવી અને પોતે યુવાનીમાં સાધુના



પંથે ચાલવાનું સ્વીકાર્યું. પ્રભુની જ કોઈક યોજના હશે જેથી ભગવા વસ્ત્રોનો ત્યાગ કરી, ગૃહસ્થમાર્ગે ચાલવાનું સ્વીકાર્યું. આ બાજુ પૂ.નર્મદાફઈને પણ ભગવાન ભજવાનાં જ કોડ હતાં પણ વડીલોની ઈચ્છાને વશ થઈ પૂ.ભગવાનજીફુઆ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. ગુરુહરિ પપ્પાજી અને ચૈતન્ય જનની ગુરુ પ.પૂ.જસુબાનો અંતરથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા આત્માના કલ્યાણદાતા માની સ્વીકાર કર્યો. પ્રથમ તો ખૂબ આર્થિક ભીંસ અનુભવી પણ પાકી નિષ્ઠા તેથી ગુરુના ગાઈડન્સ પ્રમાણે પોતાની આવકનો દશમો-વીસમો ભાગ અચૂક કાઢ્યો. જેના પરિણામે મકાનની દલાલીનો કસબ હાથ લાગ્યો. ખૂબ આવક થતાં પાંચ મકાનનાં માલિક બન્યા.

પ્રભુની ખૂબ વફાદારી. જેથી આ બધુ તો પ્રભુનું દીધેલું – પ્રભુનું છે માટે એક મકાન જ્યોત સ્થાપવા, પોતાનાં નિવાસસ્થાનને અડીને જે હતું તે અર્પણ કર્યું ને નર્મદાફઈની આશા ફળી કે ‘જ્યોતમાં ભગવાન ભજવા ન જવાયું પણ મારે ત્યાં જ ભગવાધારી સંત બહેનોને લાવું. આમ રાજકોટ જ્યોતની સ્થાપના થઈ. પોતાની દીકરી પ્રસન્ના તેમને ભગવાન ભજવા માટેની રજા આપી. ગુરુહરિ પપ્પાજીએ રાજકોટ જ્યોતની સંભાળ માટે ફોઈના ભત્રીજી પૂ.વનીબેન ડઢાણિયાની ત્યાંના મહંત તરીકે વરણી કરી. હાલ પૂ.વનીબેન ડઢાણિયા અને પૂ.ઈલાબેન ઠક્કર ખૂબ સરસ કાર્ય કરે છે.

પૂ.ફુઆએ હંમેશા જ્યોતની દેખભાળ કરી છે. બેનોને સહેજપણ કોઈ વાતની ખોટ ન પડે, આંચ ન આવે તેનું ધ્યાન રાખતા. બેનોને વિદ્યાનગર સમૈયામાં આવવાનું હોય તો પોતે રાજકોટ રહી જ્યોત મકાનનું ધ્યાન રાખે. પૂ.મીનાભાભી, પૂ.ભરતભાઈ પૂ.ઋષિતભાઈ, પૂ.મિરલબેન અને પૂ.મૂર્તિબેન પણ

સેવામાં સહભાગી બને.

પૂ.ભગવાનજીફુઆને ખૂબ એવું હતું કે જ્યોત છે તે મકાન જૂનું છે જેમાં બાંધકામ કાચું છે તો નવું સુવિધાવાળુ થઈ જાય. એ તેમની ઈચ્છા પૂર્ણ થઈ. મકાન બાંધકામ વખતે સંપૂર્ણ સુપરવીઝન જાતે કર્યું. સ્વરૂપોને હાશ કરી, પોતાના અંતરમાં શાતા અનુભવી. હંમેશા ગુણાતીત જ્યોતના પક્ષે ઊભા રહ્યા. ન જોઈએ માન કે મોટપ, ન કોઈ અપેક્ષા, ન કોઈ સ્વાર્થ, કેવળ ને કેવળ નિષ્કામ ભક્તિ કરી. ભક્તિના પુણ્યનું ભાથુ જ જેને બાંધવું હોય તેને આ લોકના મોન-મોટપની શી પડી હોય ?


પોતે તો અદના સેવક થઈ જીવ્યા પણ સાથે સાથે પોતાના મિત્રમંડળને પણ સંબંધ પમાડયો કે જેઓ પણ આજ દિન સુધી જ્યોતનાં સર્વ કાર્યમાં ટાણે ટાણે મદદરૂપ છે જેમાના એક છે પૂ.અશોકભાઈ ત્રિવેદી (વકીલ).

પોતાનો વારસો પોતાના પૌત્ર પૂ.ઋષિતભાઈને આપવા માટે જાતે જ તેનું ઘડતર કર્યું અને તેની જ સેવા સ્વીકારી. ભગવાનજીફુઆને છેલ્લા ૪-૫ દિવસની ટૂંકી બીમારી આવી. પોતાનું પૃથ્વી પરનું કાર્ય પૂરું થતું લાગતાં પોતે જ પ.પૂ.જસુબેનને કહ્યા કરતા કે હવે અક્ષરધામમાં જવું છે. ને સૌ કુટુંબીજનોની રાજીખુશીથી રજા મળતાં પોતે સ્વતંત્ર થકા તા.૩જીએ પ્રભુચરણે બિરાજી ગયા. ગુરુહરિ - ગુરુની સાથે છેલ્લી મિનિટ સુધી વચનપાલક બની, ગોષ્ટિ કરતાં કરતાં, અતિ આનંદિત થઈ તેમના સ્વરૂપમાં લીન થઈ ગયા. ઋષિતભાઈ સત્સંગની અનેરી સેવા કરી રહ્યા છે ને સ્વરૂપોનો રાજીપો લઈ રહ્યા છે.

ધન્ય છે આવા પૂ.ભગવાનજીભાઈ ફુઆ જેવા અનોખા પુણ્યાત્માને. તેમને પ્રાર્થના અને ભાવાંજલિ સાથે વંદન.

★ **ઈંગ્લેન્ડના પૂ.માવજીબાપા તા.૭.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.માવજીબાપા પૂ.ભગવાનજીભાઈ અને પૂ.રમાબેન રૂઘાણીના સંબંધમાં આવ્યા. તેમના થકી ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેનનો જોગ થયો. તેઓ ઈંગ્લેન્ડના સમૈયા - ઉત્સવમાં લાભ લેવા આવતા. ઈંગ્લેન્ડ અને વિદ્યાનગર ગુણાતીત જ્યોતના બહેનોને જમાડવાની તેમને ઉત્તમ ભાવના રહેતી. તેથી અવારનવાર આ સેવા કરી પુણ્યની કમાણી કરી લીધી. આવા ભક્તરાજ પૂ.માવજીબાપાને અનંત વંદન. તેમના કુટુંબીજનોને બળ મળે તેવી અંતરની પ્રાર્થના.



★ **ઈંગ્લેન્ડના પરમ ભક્તરાજ પૂ.બાબુભાઈ ગોહિલ તા.૮.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.બાબુભાઈના ધર્મપત્ની પૂ.મીનાબેનને માન્ઝાંમાં પ.પૂ.બેનનો સંબંધ થયો હતો. ત્યાર પછી તેઓ લંડન કેમ્બ્રીજમાં રહ્યાં ને ત્યાં તેઓ બાબુભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. આમ બાબુભાઈને મીનાબેન થકી સત્સંગની નિષ્ઠા થઈ.



ઈ.સ.૧૯૭૭માં ઉભરાટની શિબિર વખતે તેઓ ભારત આવ્યા ત્યારે તેમણે ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેનના દર્શન કર્યા. લંડન જ્યોતની સ્થાપના થયા બાદ અવારનવાર જ્યોતનું ફર્નીચર બનાવવાની સેવા કરવા જતા. તે વખતે ગુરુહરિ પપ્પાજી ખૂબ પ્રસન્ન થયા ને આશીર્વાદના ઉદ્‌ગાર સરી પડયા કે, 'આ બહેનોની સેવા કરો છો તે મારી સેવા કર્યા બરાબર છે.' લંડનમાં સમૈયા ઉત્સવ વખતે નિર્માની બની, રાંક રહી વાસણ ધોવાની, પીરસવાની વગેરે સેવા કરવામાં તેમનો અનન્ય ફાળો હતો.

પૂ.બાબુભાઈ શાંત, સરળ અને રાંક પ્રકૃતિના હતા. તેઓ હંમેશા હસતા રહી અહોહોભાવે માહાત્મ્યયુક્ત સેવા કરતા. ગુરુહરિ પપ્પાજી અને બેનના સિદ્ધાંતે જીવન જીવી સેવા ને ભક્તિ કરી તેઓ ચિરંજીવ બની સૌના આદર્શરૂપ બન્યા.

આવા નિષ્ઠાવાન, માહાત્મ્યસભર, મૂક સેવક પૂ.બાબુભાઈને કોટિ કોટિ વંદન સહ શ્રદ્ધાંજલિ અર્પણ

કરીએ છીએ. તેમના કુટુંબીજનોને બળ મળે એજ પ્રભુ ચરણે અંતરની પ્રાર્થના.

**★ અમદાવાદના પૂ.લક્ષ્મીબેન સાંકળચંદ પટેલ તા.૯.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.લક્ષ્મીબેન ઈ.સ.૧૯૭૭માં પૂ.ભટ્ટીસાહેબ થકી



ગુણાતીત જ્યોતના સંપર્કમાં આવ્યાં. પૂ.શારદાબેન ઠક્કર નરોડા સાથે તેઓ અવારનવાર દર્શનાર્થે પધારતાં. પ.પૂ.બેનને ગુરુપદે સ્વીકાર્યા. પ.પૂ.બેન પણ અમદાવાદ તેઓના ઘરે પધરામણીએ જતાં ને લક્ષ્મીબેન દર્શન, સેવાનો લાભ લેતાં. તેઓએ નિષ્ઠાપૂર્વક જીવન જીવી તન, મન, ધનથી સેવા કરી પુણ્યની કમાણી કરી. તેઓની એક દીકરી પૂ.પ્રફુલ્લાબેન ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજી રહ્યાં છે. તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**★ અમદાવાદ, ઘોડાસરના પૂ.જસ્મીનાબેન હિતેશભાઈ ખત્રી તા.૧૪.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

ગુરુહરિ પપ્પાજી પરિવારના અનન્ય નિષ્ઠાવાન જે ગુરુહરિ પપ્પાજીને ભગવાન માનતા અને ગુરુ પૂ.દયાબેન, સંત પૂ.નીમુબેન દાડિયાને માનનાર પરમ ભક્ત હતા. નાનપણથી જ સત્સંગી. હર એક પ્રસંગે પ્રભુ પપ્પાજીને જ ઉપાયભૂત કરતાં. તેવા માહાત્મ્યભર્યા કુટુંબના ઉછેરથી સૌ હરિભક્તો સાથે



સંપ, સુહૃદભાવ, એકતાથી જીવતાં હતાં. આજ્ઞાર્કિત રહી દીકરી અને દીકરાને સંસ્કાર, ભણતર અને આધ્યાત્મિક ગુણોનો વારસો આપી,નાની ઉંમરમાં આત્માનું ભાથું ભરી ભક્તિસભર જીવન વિતાવી શ્રી પપ્પાજીના ચરણોમાં સ્થાન મેળવ્યું છે. તેમની સેવાભાવી સરળ પ્રકૃતિએ તેઓ અખંડ આનંદમાં રહેતા હતા ને તેવા જ ગુણો લઈ આ સત્સંગમાં નવા દેહે ભક્તિ કરશે જ. સર્વ કુટુંબીજનોને ખૂબ બળ મળે, ભક્તિમય રહે એ જ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**★ વણસોલના પૂ.સૂરજબા પટેલ તા.૧૭.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

તેઓ પૂ.કનુભાઈ પટેલ– વણસોલના માતુશ્રી થાય.



ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.સોનાબા અને પ.પૂ.દેવીબેન માટે ખૂબ ભાવ. જ્યોતમાં સભા, સમૈયા, ઉત્સવોમાં દર્શન, સ્મૃતિનો લાભ લેવા અચૂક પધારતાં. પપ્પાજી, અને સ્વરૂપો જ્યારે પણ વણસોલ પધારે ત્યારે પોતે રોટલા ઘડી ઘી, માખણ પોતાના ખેતરનું તાજુ શાક બનાવી ભાવથી જમાડતા. અવારનવાર પ.પૂ.દેવીબેન અને બહેનોને વણસોલ બોલાવી પધરામણી અને કથાવાર્તાનો લાભ પોતે લેતા અને મંડળના હરિભક્તોને અપાવતાં. આમ ભક્તિ અને સ્મૃતિ સભર રહ્યા થકા પ્રભુચરણે બિરાજી ગયાં એવાં પૂ.સૂરજબાને અંતરથી અંજલિ.

## નિર્ણય

★ એકાદશી, પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીનો પ્રાગટ્યદિન :
વૈશાખ સુદ – ૧૧, રવિવાર, તા.૨૩.૫.૨૦૨૧

★ ગુરુહરિ પપ્પાજીમહારાજનો શાશ્વત સ્મૃતિદિન :
શુક્રવાર, તા.૨૮.૫.૨૦૨૧

★ ગુરુહરિ પપ્પાજીમહારાજનો સાક્ષાત્કારદિન, ગુણાતીત જ્યોત અને ગુણાતીત સમાજનો સ્થાપનાદિન:
મંગળવાર , તા.૧.૬.૨૦૨૧

★ એકાદશી, પ.પૂ.દીદીનો સ્વરૂપાનુભૂતિદિન :
વૈશાખ વદ–૧૧, રવિવાર, તા.૬.૬.૨૦૨૧

★ બ્ર.સ્વ.યોગીજીમહારાજની જન્મજયંતી :
વૈશાખ વદ–૧૨, સોમવાર, તા.૭.૬.૨૦૨૧

★ બ્ર.સ્વ. કાકાજીમહારાજનો પ્રાગટ્યદિન :
શનિવાર, તા.૧૨.૬.૨૦૨૧

★ એકાદશી : જેઠ સુદ–૧૧, સોમવાર, તા.૨૧.૬.૨૦૨૧



૩૧મી મે ૧૯૫૨: 'હું યોગીનો પ્રકાશ છું.'

To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2019-21**
**Lic Valid Upto: 31.12.2021**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT) :**
**Vallabh Vidyanagar MDG 388120**




**શાશ્વત સ્મૃતિદિનની સ્મૃતિમાં...**



Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India